
# અગ્રેસર ગુજરાત

# સંકલ્પ પત્ર 2022



ભાજપ એટલે ભરોસો

કમળનું બટન દબાવો ભાજપને વિજયી બનાવો


અગ્રેસર
ગુજરાત

# અગ્રેસર ગુજરાતના મુખ્ય ૭ સંકલ્પ









**1** 'ગુજરાત કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોષ' હેઠળ ₹10,000 કરોડનું રોકાણ કરીશું, જે કૃષિ વિકાસ માટે એક સર્વગ્રાહી વ્યવસ્થાને (APMCs, ખેડૂત મંડળીઓ, વર્ગીકરણ-ગ્રેડિંગ યુનિટ્સ, કોલ્ડ ચેન, વેરહાઉસ, પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ્સ વગેરેનું આધુનિકીકરણ અને નિર્માણ દ્વારા) મજબૂત કરાશે.

**2** ₹25,000 કરોડના ખર્ચે સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ, SAUNI, લિફ્ટ ઈરિગેશન, સૂક્ષ્મ સિંચાઈ, ટપક સિંચાઈ અને અન્ય પદ્ધતિથી થતાં કૃષિ સિંચાઈના વર્તમાન નેટવર્કનું વિસ્તરણ કરીશું.

**3** પશુધનની સર્વગ્રાહી કાળજી સુનિશ્ચિત કરવા માટે ગૌશાળાઓને માળખાગત રીતે મજબૂત (₹500 કરોડનું વધારાનું બજેટ), 1000 વધારાના મોબાઇલ વેટરનરી યુનિટ્સની રચના અને દરેક પશુધન માટે રસીકરણ તેમજ વીમાની ખાતરી કરાશે.

**4** દેશના પહેલા બ્લૂ ઈકોનોમી ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરનું નિર્માણ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ 2 સી-ફૂડ પાર્કને કાર્યાન્વિત કરી અને મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જેવા કે જેટી, કોલ્ડ સપ્લાય ચેન અને બોટના મેકેનાઈઝેશનની સુવિધા)ને વધુ મજબૂત કરીશું.

5 પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્માન ભારત) હેઠળ નિ:શુલ્ક તબીબી સારવારની ખાતરી સાથે કુટુંબ દીઠ વાર્ષિક સારવાર માટેની મહત્તમ મર્યાદાને ₹5 લાખથી વધારીને ₹10 લાખ કરીશું.

6 'મુખ્યમંત્રી ફ્રી ડાયગ્નોસ્ટિક સ્કીમ' થકી EWS પરિવારોને તમામ સરકારી આરોગ્ય સંસ્થા અને એમ્પેનલ્ડ લેબોરેટરીમાં નિ:શુલ્ક નિદાન ઉપલબ્ધ થાય તે માટે ₹110 કરોડના ભંડોળનું નિર્માણ કરીશું.

7 ₹10,000 કરોડના ભંડોળથી 'મહારાજા શ્રી ભગવતસિંહજી સ્વાસ્થ્ય કોષ'નું નિર્માણ કરીશું, જેનાથી 3 નવી વર્લ્ડ ક્લાસ સિવિલ મેડિસિટી, 2 AIIMS સ્તરની હોસ્પિટલ અને હાલની તમામ સ્વાસ્થ્ય સુવિધાઓ (હોસ્પિટલ PHCs-CHCs)ને અપગ્રેડ કરીશું.

8 મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ હેઠળ ₹10,000 કરોડના ખર્ચે આગામી 5 વર્ષમાં 20,000 શાળાઓને અપગ્રેડ કરીશું.



9 ₹1,000 કરોડના ભંડોળ સાથે 'કેશવરામ કાશીરામ શાસ્ત્રી હાયર એજ્યુકેશન ટ્રાન્સફોર્મેશન ફંડ'ની રચના કરીશું, જેની મદદથી નવી સરકારી કોલેજોનું નિર્માણ કરાશે અને હાલની કોલેજ-યુનિવર્સિટીઓને અદ્યતન સુવિધાથી સજ્જ કરવામાં આવશે.

10 ગુજરાતના યુવાનોને આગામી 5 વર્ષમાં 20 લાખ રોજગારીની તકો પ્રદાન કરીશું.



11 ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર્સ, ફિનટેક અને એરોસ્પેસ જેવા ક્ષેત્રોમાં સેન્ટર ઑફ એક્સેલન્સ તરીકે IITના તર્જ પર 4 ‘ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી’ની સ્થાપના કરીશું.

12 વર્ષ 2036માં ઑલિમ્પિક ગેમ્સની યજમાની કરવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વ કક્ષાનું રમત-ગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા ગુજરાત ઑલિમ્પિક મિશન શરૂ કરીશું.



13 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના 100% અમલીકરણ દ્વારા ગુજરાતના દરેક નાગરિકને પોતાનું પાકું ઘર મળે તેવું સુનિશ્ચિત કરીશું.

14 'ફેમિલી કાર્ડ યોજના'ના માધ્યમથી દરેક પરિવારને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવાનું સુગમ બનાવીશું.



15 PDS સિસ્ટમના માધ્યમથી દર મહિને 1 કિલો ચણા અને વર્ષમાં ચાર વખત 1 લીટર ખાદ્ય તેલ આપીશું.

16 શ્રમિકોને ₹2 લાખ સુધીની કોલેટરલ ફ્રી લોન આપવા શ્રમિક ક્રેડિટ કાર્ડ રજૂ કરીશું.

17 ઉચ્ચ શિક્ષણ માટેની ભારતની NIRFમાં ટોચની રેન્કિંગ સંસ્થા અથવા વિશ્વની ટોચની સંસ્થામાં પ્રવેશ મેળવનાર દરેક OBC/ST/SC/EWS વિદ્યાર્થીઓને ₹50,000નું પ્રોત્સાહન અનુદાન આપીશું.

18 'ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ' કમિટીની ભલામણોનો સંપૂર્ણપણે અમલ થાય તે સુનિશ્ચિત કરીશું.




19 'એન્ટિ રેડિકલાઈઝેશન સેલ' બનાવીશું જે દેશવિરોધી તત્વો અને આતંકવાદી સંગઠનોના સ્લીપર સેલને ઓળખીને તેને દૂર કરવાનું કામ કરશે.

20 રમખાણો, હિંસક વિરોધ, અશાંતિ વગેરે દરમિયાન અસામાજિક તત્વો દ્વારા જાહેર અને ખાનગી મિલકતોને થયેલા નુકસાનની વસૂલાત કરવા માટે 'ગુજરાત રિકવરી ઑફ ડેમેજ ઑફ પબ્લિક એન્ડ પ્રાઇવેટ પ્રોપર્ટી એક્ટ' લાગુ કરીશું.





21 ₹1,000 કરોડથી વધુનો ખર્ચ કરીને મજબૂત માળખાકીય સુવિધાઓ, શ્રેષ્ઠ-વર્ગના સાધન-શસ્ત્રોની ખરીદી, અપરાધ અટકાવવામાં મદદ કરે તેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ અને પોલીસ માટે ભારતનું સૌથી મજબૂત IT ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાના લક્ષ્ય સાથે પોલીસ દળનું આધુનિકીકરણ કરીશું.

22 ગુજરાતને 1 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ તરીકેનું સ્થાન જાળવી રાખીશું ઉપરાંત સર્વિસ સેક્ટર પર ફોકસ કરીને નવા યુગને અનુરૂપ ઉદ્યોગો માટે હ્યુમન-ઇન્સ્ટિટ્યૂશનલ કેપસીટી બિલ્ડીંગમાં રોકાણ કરીશું

- આગામી 5 વર્ષમાં ₹10 લાખ કરોડનું વિદેશી રોકાણ આકર્ષીને ટોચનું FDI સ્થળ બનીશું
- ગુજરાતને ભારતનું ડિફેન્સ અને એવિએશન મેન્યુફેક્ચરિંગ હબ બનાવીશું.

23 દેશમાં પહેલી વાર 3,000 કિ.મી. લાંબો અને સમગ્ર ગુજરાતને આવરી લેતો 4-6 લેનનો 'પરિક્રમા પથ' બનાવીશું:

- સાઉથ ઈસ્ટર્ન પેરિફેરલ હાઈ-વે (ભારતનો સૌથી લાંબો કોસ્ટલ હાઈ-વે, 1,630 કિ.મી.)
- નોર્થ વેસ્ટર્ન પેરિફેરલ હાઈ-વે (1,380 કિ.મી.)

24 'ગુજરાત લિંક કોરિડોર્સ'નો વિકાસ કરીશું, જેમાં હાલના હાઈ-વેને વધુ લંબાવીશું અને ખૂટતી કડીઓ સમાન કામ પૂર્ણ કરીશું:

- પૂર્વ-પશ્ચિમ કોરિડોર: દાહોદથી પોરબંદર (611 કિ.મી.)
- ઉત્તર-દક્ષિણ કોરિડોર: પાલનપુરથી વલસાડ (558 કિ.મી.)

25 મહત્વના આર્થિક કેન્દ્રો અને નેશનલ હાઈ-વે વચ્ચે મજબૂત કનેક્ટિવિટી વિકસાવવા માટે 'સૌરાષ્ટ્ર એક્સપ્રેસ હાઈ-વે ગ્રીડ'ને વિકસાવીશું.

26 શહેરી વિસ્તારોમાં ગીચતા ઘટાડવા (સેટેલાઇટ ટાઉનશીપ્સ) અને નાગરિકોના જીવનસ્તરમાં સુધારો કરવા (રિવરફ્રન્ટ, રિક્રિએશનલ પાર્ક્સ, અર્બન ફોરેસ્ટ, ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ) માટે ગુજરાત શહેરી વિકાસ મિશન હેઠળ ₹25,000 કરોડનો ખર્ચ કરીશું.

27 ગાંધીનગર અને સુરત મેટ્રોની કામગીરીને નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ કરવાનું સુનિશ્ચિત કરીશું અને સૌરાષ્ટ્ર (રાજકોટ) અને મધ્ય ગુજરાત (વડોદરા)ની પ્રથમ મેટ્રો રેલ સેવા પર ઝડપથી કામ શરૂ કરીશું.

28 દ્વારકા પશ્ચિમ ભારતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર બને તે માટે 'દેવભૂમિ દ્વારકા કોરિડોર' બનાવીશું, જેમાં ભગવાન શ્રી કૃષ્ણની વિશ્વની સૌથી મોટી પ્રતિમા, 3D ઇમર્સિવ (Immersive) શ્રીમદ ભગવદ્ ગીતા એક્સપિરિયન્સ ઝોન તથા વિલુપ્ત દ્વારકાનગરીની વ્યૂઇંગ ગેલેરી હશે.

29 મંદિરોના જીર્ણોદ્ધાર અને વિસ્તરણ માટે સોમનાથ, અંબાજી તથા પાવાગઢના સફળ ટ્રાન્સફોર્મેશન મોડેલને અનુસરીને આ હેતુ માટે ₹1,000 કરોડ ફાળવીશું.

30 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના ઉન્નત સાંસ્કૃતિક વારસાનું મહત્વ વધારવા માટે ₹2,500 કરોડનું રોકાણ કરીશું.





# અગ્રેસર આદિજાતિ
## મુખ્ય સંકલ્પ



1. આદિવાસી ક્ષેત્રોના સર્વાંગી સામાજિક-આર્થિક વિકાસ માટે ‘વનબંધુ કલ્યાણ યોજના 2.0’ હેઠળ ₹1 લાખ કરોડનો ખર્ચ કરીશું.

2. અંબાજી અને ઉમરગામ વચ્ચેના 'બિરસા મુંડા આદિજાતિ સમૃદ્ધિ કોરિડોર' અંતર્ગત 4-6 લેન હાઈ-વે, જંગલ આધારિત ઈન્ડસ્ટ્રીમાં રોજગારની તકો અને આદિવાસી સાંસ્કૃતિક સર્કિટ (પાલ દઢવાવ - સ્ટેચ્યૂ ઑફ યુનિટી - શબરી ધામ)નું નિર્માણ કરીશું.

3. આદિવાસી ક્ષેત્રોમાં દરેકને સર્વોત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા હેતુથી 8 મેડિકલ અને 10 નર્સિંગ/પેરા મેડિકલ કોલેજોની સ્થાપના કરીશું.

4. યુવાનો માટે રોજગારી ઊભી થાય તે હેતુથી આદિવાસી વિસ્તારોમાં 8 GIDCની સ્થાપના કરીશું.

5. મેરિટના આધારે આદિવાસી સમુદાયના 75,000 વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ રહેણાંક શાળાની સુવિધા પૂરી પાડવા માટે 25 'બિરસા મુંડા જ્ઞાનશક્તિ નિવાસી શાળા'ઓ સ્થાપીશું.

6. ઉચ્ચ શિક્ષણ માટેની ભારતની NIRFમાં ટોચની રેન્કિંગ સંસ્થા અથવા વિશ્વની ટોચની સંસ્થામાં પ્રવેશ મેળવનાર દરેક આદિવાસી વિદ્યાર્થીને ₹50,000નું પ્રોત્સાહન અનુદાન આપીશું.

7. ટ્રાઈબલ સબ પ્લાન હેઠળના 56 તાલુકામાં મોબાઈલ વાન મારફતે રાશન વિતરણની વ્યવસ્થા શરૂ કરીશું.

8. વર્ષ 2023 સુધીમાં આદિવાસી પ્રદેશોના દરેક ગામ અને દુર્ગમ પહાડી વિસ્તારમાં પણ 100% મોબાઇલ ઇન્ટરનેટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરીશું.



# અગ્રેસર નારી
## મુખ્ય સંકલ્પ



1. KG થી PG સુધીની તમામ દીકરીઓને નિઃશુલ્ક ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીશું.

2. ધોરણ 9 થી 12ની વિદ્યાર્થિનીઓને નિઃશુલ્ક સાયકલ આપીશું.

3. આર્થિક રીતે નબળા પરિવારની કોલેજ જતી દીકરીઓને મેરિટ પ્રમાણે ઈલેક્ટ્રિક સ્કૂટર આપવા માટે 'શારદા મહેતા યોજના' શરૂ કરીશું.

4. 'વ્હાલી દીકરી યોજના' અંતર્ગત નાણાકીય સહાય વધારીને ₹1.50 લાખ કરીશું.

5. ગુજરાતમાં મહિલા સિનિયર સિટિઝન માટે નિઃશુલ્ક બસ મુસાફરીની યોજના લાવીશું.

6. સ્વ-સહાય જૂથ (SHGs)ના ઉત્કર્ષ માટે ₹2,500 કરોડનું ભંડોળ પૂરું પાડીને 'મિશન મંગલમ 2.0'નો વ્યાપ વિસ્તારીશું.

7. આવનારા પાંચ વર્ષોમાં મહિલાઓ માટે 1 લાખથી વધુ સરકારી નોકરીઓનું નિર્માણ કરીશું.

8. 'અગ્નિપથ યોજના'થી અગ્નિવીર તરીકે ભરતી થનારી મહિલાને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.



# માન. મુખ્યમંત્રીશ્રીનો સંદેશ

મારા વ્હાલા ગુજરાતીઓ,

છેલ્લા 27 વર્ષના તમારા ભાજપ પરના વિશ્વાસને કારણે ગુજરાત આજે અગ્રેસર બન્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય, રોજગાર હોય, સ્ટાર્ટઅપ-ઈનોવેશન હોય કે આદિવાસી કલ્યાણ જેવા તમામ ક્ષેત્રોમાં ગુજરાતનો ડંકો વાગે છે. ભાજપ અને ગુજરાતની જનતાએ સાથે મળીને આપણાં રાજ્યને ખરા અર્થમાં અગ્રેસર બનાવ્યું છે.

આપણી સહિયારી સરકારે છેલ્લા પાંચ વર્ષોમાં વીજળી, પાણી, આવાસ, રાશન, શિક્ષણ અને આરોગ્ય જેવી સુવિધાઓને વધુ સુદૃઢ કરી છે. ભાજપની ડબલ એન્જિન સરકારે પોતાના દરેક વચન નિભાવ્યા છે. જગતના તાતને કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા લોન મળી, આદિજાતિને ઉદ્ધાર માટે વનબંધુ કલ્યાણ યોજના દ્વારા વિકાસનો વેગ મળ્યો, પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ગરીબોના માથે પાકી છત આવી, સ્ટાર્ટઅપ ગુજરાતથી યુવાનોને આર્થિક સહાય મળી જેનાથી તેમને ઊડવા આકાશ મળ્યું, પોષણ અભિયાન દ્વારા મહિલા અને બાળકોને પોષણ મળ્યું.

ભાજપ  પ્રજાકલ્યાણના જે કાર્યોનો સંકલ્પ કરે છે, તે પરિપૂર્ણ કરીને જ ઝંપે છે. સરદાર સરોવર ડેમ, સુજલામ સુફલામ, રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એસ્ટોલ જળ આપૂર્તિ યોજના, રાજ્ય વ્યાપી વોટર ગ્રીડ જેવા કેટકેટલા વિરાટ પ્રોજેક્ટ્સ આ બાબતનો બોલતો પુરાવો છે.

આયુષ્માન ભારત યોજના હેઠળ નોંધપાત્ર સિદ્ધિ, શિક્ષણ માટે વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, વિવિધ પહેલો થકી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન તથા રાજ્યવ્યાપી રેલ્વે-રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નિર્માણના માધ્યમથી કનેક્ટિવિટીમાં થયેલ વધારા, જેવા કાર્યોના કારણે ભાજપ સરકારની વિકાસની વિચારધારામાં લોકોને અડગ વિશ્વાસ ઊભો થયો છે.

'સૌનો સાથ સૌનો વિકાસ' સૂત્રને અમે આત્મસાત કરી લીધું છે. અંત્યોદયથી સર્વોદયની ભાવના સાથે દરેક ગુજરાતીને અગ્રેસર બનાવવા આ અગ્રેસર ગુજરાત સંકલ્પ પત્ર 2022માં દરેક ગુજરાતીઓના સપનાને સાકાર કરવાનો રોડમેપ તૈયાર છે. ચાલો સાથે મળી આવનારા પાંચ વર્ષોમાં ગરવી ગુજરાતના ગ્લોબલ ગૌરવમાં વધારો કરીએ.

જય જય ગરવી ગુજરાત!

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત



# ભાજપ પ્રદેશ પ્રમુખનો સંદેશ

મારા પ્રિય ભાઈઓ અને બહેનો,

"આ ગુજરાત મેં બનાવ્યું છે." છેલ્લા 27 વર્ષથી ભારતીય જનતા પક્ષને તમારી સેવા કરવાની તક આપીને તમે અમારા પર અવિરત પ્રેમ વરસાવ્યો છે. ભરોસો દાખવ્યો છે. અમે પણ આ ભરોસાને કાયમ રાખી ગુજરાતને દેશનું અગ્રેસર રાજ્ય બનાવ્યું છે. 27 વર્ષ અગાઉ, ગુજરાતનું સુકાન જેમના હાથોમાં હતું તે લોકોએ ગુજરાતને ગરીબ અને નબળું પાડી દેવામાં કોઈ કસર છોડી નહોતી. ગુજરાતના યુવાનો માટે રોજગારીની કોઇ તક રહેવા દીધી નહોતી. આપણી મા-બહેન-દીકરીઓ રસ્તા પર ચાલવામાં પણ ભય અનુભવતી, કશુંક અઘટિત થવાનો ડર તેમને સતત સતાવતો, પરંતુ નવા યુગના વિકાસનું ઘડતર કરનાર, સ્વપ્નદૃષ્ટા રાષ્ટ્રપુરુષ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ગુજરાતે ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી અને આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બની ગયું છે.

તમારા વિશ્વાસ, પરિશ્રમ અને સમર્પણે ગુજરાતને આજે ગ્લોબલ ગુજરાત બનાવ્યું છે. પ્રગતિના પંથે દોડતું આ ગુજરાત એક સમયે પાણી માટે તરસતું હતું, ટીપું ટીપું પાણી માટે વલખતું હતું. શું તમને એ દિવસો યાદ છે? સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અઠવાડિયામાં એકવાર પાણી મળતું. લોકો હેરાન પરેશાન હતા. ટેન્કરો અને ટ્રેનથી પાણી પહોંચાડાતું હતું. મહિલાઓ માટે એ દિવસો એક ભયંકર દુ:સ્વપ્નની કાળરાત્રિ સમાન હતા. ગાઉના ગાઉ ચાલીને જવું પડતું, પરંતુ હવે આ સુખની સવાર છે. ગુજરાતનો નવો અવતાર છે. ઘરે-ઘરે પાણી પહોંચ્યું છે. 'જલ જીવન મિશન'માં ગુજરાતે દરેક ઘરને નળથી જળ પહોંચાડી 100% 'હર ઘર જલ' સ્ટેટ બનવાની અનુપમ સિદ્ધિ હાંસલ કરી છે.

સોમનાથ, અંબાજી, પાવાગઢ, મહાકાલ કોરિડોર અને અયોધ્યા જેવા દૃષ્ટાંત આજે લોકોની નજર સામે છે. જેના દ્વારા ભારતીય જનતા પક્ષે તેના ધ્યેય, આશા, આકાંક્ષા અને સ્વપ્નોને દુનિયાની સમક્ષ સ્પષ્ટ કરી દીધા છે. અમે અગ્રેસર ગુજરાત અભિયાન લોન્ચ કર્યું હતું. જેના થકી તમારા અમૂલ્ય સૂચનો અમે મેળવી શકીએ અને તેને અમારા સંકલ્પ પત્રમાં સામેલ કરી શકીએ. આ પહેલ રંગ લાવી. આ અભિયાનમાં કરોડો ગુજરાતીઓએ ભાગ લીધો. ગુજરાતને દેશભરમાં શિરમોર બનાવી રાખવા તેમના સૂચનો મોકલ્યા. અમે આ અભિપ્રાયો સંકલિત કર્યા અને તેને આ સંકલ્પ પત્રમાં સમાવિષ્ટ કર્યા.

આ માત્ર ચૂંટણીનું ઘોષણાપત્ર નથી, પરંતુ આઝાદીના અમૃતકાળમાં ગુજરાતની પ્રગતિ માટેનું અમારું વિઝન છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભવિષ્યના ભારત-ન્યૂ ઈન્ડિયાના નિર્માણનું જે સ્વપ્ન જોયું તેને સાકાર કરતી આધારશિલા છે. મને વિશ્વાસ છે કે જે રીતે 27 વર્ષ પહેલા તમે અમારા પર ભરોસો મૂક્યો હતો તે જ ભરોસો ફરી અમને તમારો અમૂલ્ય જનાદેશ અપાવશે. ગુજરાતમાં ફરીથી કમળ ખીલશે.

ભારત માતાની જય !



**ચંદ્રકાન્ત રઘુનાથ પાટીલ**

પ્રદેશ પ્રમુખ, ગુજરાત, ભારતીય જનતા પક્ષ



# સંકલ્પ પત્ર સમિતિના અધ્યક્ષનો સંદેશ

મારા વ્હાલા ભાઈઓ અને બહેનો,

છેલ્લા 27 વર્ષોમાં ગુજરાતે પ્રગતિના અનેક સોપાન સર કર્યા છે અને તેના કારણે જ આજે આપણે ભારતની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યાં છીએ. આપણું ગુજરાત સ્વતંત્ર ભારતના અમૃતકાળમાં સમગ્ર રાષ્ટ્રની પ્રગતિની દિશા નક્કી કરવા માટે એક મશાલ વાહકની ગરજ સારશે. વર્ષ 2017માં સંકલ્પ પત્રમાં આપેલા વચનોમાંથી 80% થી વધુ વચનો પૂરા કર્યા છે. આ પ્રગતિની યાત્રા વધુ તેજ ગતિએ આગળ વધે તે માટે અમે નાગરિકો પાસેથી તેમની આશા-આકાંક્ષાઓ જાણવા અગ્રેસર ગુજરાત ઝુંબેશ ચલાવ્યું, જે હેઠળ 1.19 કરોડ લોકોએ પોતાના અમૂલ્ય સૂચનો આપ્યા. એકત્રિત કરવામાં આવેલા આ તમામ સૂચનોને અમે ખંતપૂર્વક ધ્યાને લઈને જનતાની અમારી પાસેથી જે આશાઓ છે, તેને સમજવાનો પૂરતો પ્રયાસ કર્યો છે.

આ વિઝન ડોક્યુમેન્ટના નિર્માણ માટેની અગ્રેસર ગુજરાતની ઝુંબેશમાં સક્રિયપણે ભાગ લઇને પોતાના અમૂલ્ય સૂચનો આપ્યા, તે બદલ હું પ્રત્યેક નાગરિકનો હૃદયપૂર્વક આભાર માનું છું. લોકોની આ જ આકાંક્ષાઓને અમારા ચૂંટણી ઢંઢેરામાં સમાવીને અમે અનેરા આનંદની અનુભૂતિ કરી રહ્યાં છીએ.

વર્તમાન સરકારની કામગીરી માટે ગુજરાતીઓના મનમાં જે વિશ્વાસ રહેલો છે, તેનું પ્રતિબિંબન એટલે જ અગ્રેસર ગુજરાત સંકલ્પ પત્ર-2022. અમે ફરી એકવાર સરકાર બનાવીશું તેવો ભરપૂર ભરોસો જન-જનમાં છે ત્યારે આ સંકલ્પ પત્રમાં દર્શાવેલ પ્રતિબદ્ધતાઓને પરિપૂર્ણ કરવા માટે હર-હંમેશ ગુજરાતના પ્રત્યેક નાગરિક સાથે અમે કામ કરતાં રહીશું.

અગ્રેસર ગુજરાતની આપણી આ સહિયારી પ્રતિબદ્ધતાને, ચાલો આપણે સૌ સાથે મળીને ફળીભૂત કરીએ..

વંદે માતરમ્ !

**યમલ વ્યાસ**
અધ્યક્ષ, સંકલ્પ પત્ર સમિતિ



# index


12 અગ્રેસર કૃષિ

20 અગ્રેસર ઈકોનોમી

26 અગ્રેસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર

36 અગ્રેસર ગવર્નન્સ

40 અગ્રેસર નારી

44 અગ્રેસર આદિવાસી

48 અગ્રેસર યુવા

56 અગ્રેસર આરોગ્ય

60 અગ્રેસર સમરસ વિકાસ

66 અગ્રેસર સંસ્કૃતિ

# અગ્રેસર કૃષિ



## ધરતીપુત્રોનો વેગવંતો કલ્યાણ

'ખેડૂત અકસ્માત વીમા યોજના' હેઠળ ખેડૂતો માટેના અકસ્માત વીમાના કવરેજને વધારીને ₹3 લાખ કરીશું.

'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' હેઠળ ખેડૂતોને પાકના નુકસાનની સમયબદ્ધ આકારણી અને રાહત રકમનું વિતરણ સુનિશ્ચિત કરીશું.

'મુખ્યમંત્રી ખેડૂત ફેલોશિપ' શરૂ કરવામાં આવશે, જેના થકી રાજ્યભરના ખેડૂત અગ્રણીઓ શ્રેષ્ઠ કૃષિ પદ્ધતિઓનો અભ્યાસ કરવા વિદેશની મુલાકાત લેશે.

₹250 કરોડના ભંડોળ થકી આગામી 5 વર્ષમાં 1,000 નવા FPO બનાવીશું તથા ₹25 લાખ સુધીની વ્યાજમુક્ત લોન પ્રદાન કરીશું.

'PM કુસુમ' અને 'સૂર્ય શક્તિ કિસાન યોજના' હેઠળ ગુજરાતના ખેડૂતોને તેમની વીજ જરૂરિયાતોમાં આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે સોલાર વોટર પંપ જોડાણોની સંખ્યા બમણી કરીશું.



## કૃષિ-નિકાસમાં અગ્રેસર

આગામી 5 વર્ષમાં ગુજરાતનો કૃષિ નિકાસ બમણો કરીશું.

કૃષિ નિકાસને વેગ આપવા માટે 'ગુજરાત એગ્રો એક્સપોર્ટ્સ પોલિસી'ની રચના કરીશું, જે હેઠળ:

- 13 એગ્રી-ક્લસ્ટર ઝોનનો 'એક્સપોર્ટ ઝોન' તરીકે વિકાસ
- દરેક જિલ્લામાં કૃષિ નિકાસની સુવિધા માટે 'એગ્રી-એક્સપોર્ટ સેલ'ની સંરચના
- વડોદરા, સુરત અને રાજકોટના એરપોર્ટ પર 'પેરિશેબલ કાર્ગો સેન્ટર'નું નિર્માણ

## કૃષિ-ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો

'ગુજરાત કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોષ' હેઠળ ₹10,000 કરોડનું રોકાણ કરીશું, જે કૃષિ વિકાસ માટે એક સર્વગ્રાહી વ્યવસ્થા ઊભી કરવા માટે કૃષિ મંડળીઓ, APMCsના આધુનિકીકરણ, વર્ગીકરણ-ગ્રેડિંગ યુનિટ્સ, કોલ્ડ ચેઈન, વેરહાઉસ, પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ્સ વગેરે ક્ષેત્રને મજબૂત કરશે.

કૃષિ સપ્લાય ચેનને કોસ્ટ ઇફેક્ટિવ બનાવવા માટે સૌરાષ્ટ્રમાં 2 'એગ્રો ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર'ને પ્રોત્સાહન આપીશું.

બનાસકાંઠા, અમદાવાદ, જૂનાગઢ, કચ્છ અને વડોદરામાં 5 'મેગા એગ્રો-ફૂડ પાર્ક'નું નિર્માણ કરીશું.

'કાંટાળી વાડ સહાય યોજના' હેઠળ કૃષિ પાકના સંરક્ષણ માટે 2.5 એકર સુધીની જમીનનો સમાવેશ કરીશું.



# અભૂતપૂર્વ સિંચાઇ વ્યવસ્થાઓનું નિર્માણ

₹25,000 કરોડના ખર્ચે સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ, S A U N I, લિફ્ટ ઇરિગેશન, સૂક્ષ્મ સિંચાઈ, ટપક સિંચાઈ અને અન્ય પદ્ધતિથી થતાં કૃષિ સિંચાઈના વર્તમાન નેટવર્કનું વિસ્તરણ કરીશું. આ હેઠળ:

- કચ્છ અને ઉત્તર ગુજરાતની વોટર ગ્રીડને મજબૂત અને વિસ્તૃત કરવાના રોડમેપ સાથે આ વિસ્તારમાં 50થી વધુ ડેમ અને 4 મુખ્ય બેરેજ (Barrages) નું નિર્માણ કરવામાં આવશે, જેથી 5 લાખ એકરથી વધુ જમીનની સિંચાઈ શક્ય બનશે

- આદિવાસી વિસ્તારોમાં સિંચાઈના પાણીની ઉપલબ્ધતામાં વધારો કરવા માટે 70થી વધુ વીયર/બેરેજ (Weir/Barrages) અને 5,000થી વધુ ચેકડેમ બનાવીશું



સૌરાષ્ટ્રમાં સિંચાઈ અને પીવાનું પાણી પૂરું પાડવા માટે ખંભાતના અખાતમાં 'કલ્પસર પ્રોજેક્ટ' હેઠળ મીઠા પાણીનો સંગ્રહ કરી શકે તેવા વિશ્વના સૌથી મોટા 30 કિલોમીટર લાંબા ડેમના નિર્માણ માટેના સંકલ્પ પર આગળ વધીશું.

'મિશન અમૃત સરોવર' હેઠળ વર્ષ 2025 સુધીમાં 5,000 વોટર રિચાર્જ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા ₹1,000 કરોડનું ફંડ ફાળવીશું.

જળ સંરક્ષણ, સંગ્રહ અને વિતરણ માટે એક સર્વગ્રાહી અને મલ્ટિ ડાયમેન્શનલ 'ગુજરાત રાજ્ય જળ વ્યવસ્થાપન નીતિ 2023' લાવીશું.

દરેક તાલુકામાં 'આદર્શ સિંચાઇ ગામ' વિકસાવીશું જે સિંચાઇ અને જળ વ્યવસ્થાપનનું દૃષ્ટાંત બનશે.



# ટેકનોલોજી દ્વારા કૃષિની કાયાપલટ

જમીનની ગુણવત્તા, પાણીનું સ્તર, છોડના રોગો, તાપમાન વગેરેની જાણકારી આપે તેવી ઇન્ટરનેટ ઑફ થિંગ્સ (IoT) પર આધારિત સ્માર્ટ ફાર્મિંગ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટે ₹1,000 કરોડના રોકાણનું લક્ષ્ય રાખીશું.

એગ્રી-ટેક ઉધોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી ખેડૂતો અને ગ્રાહકોને નજીક લાવવા એક વ્યાપક રોડમેપ બનાવીશું.

ખેત પેદાશોના રિયલ-ટાઇમ મોનિટરિંગ, ખાતર-જંતુનાશકોના છંટકાવ અને પાકને થયેલા નુકસાનના મૂલ્યાંકન માટે ડ્રોનનો ઉપયોગ કરીશું.

# પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર

'પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન યોજના' હેઠળ 5 લાખ ખેડૂતોને જૈવિક અને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા ₹ 1,000 કરોડના ફંડનું નિર્માણ કરીશું.

ભારતનું પ્રથમ 'ઑર્ગેનિક અને નેચરલ પ્રોડ્યૂસ માર્કેટિંગ ફેડરેશન' શરૂ કરીશું.

10 'ઑર્ગેનિક-નેચરલ ફાર્મિંગ ક્લસ્ટર'નું નિર્માણ કરીશું જે વર્તમાન સપ્લાય ચેનને વિસ્તૃત કરશે અને તેની કાર્યક્ષમતા વધારશે.

ઑર્ગેનિક અને પ્રાકૃતિક ખેતીની વૈશ્વિકસ્તરની બેસ્ટ પ્રેક્ટિસીસની તાલીમ ગુજરાતના ખેડૂતોને આપવા માટે 'ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઑર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી'ને સેન્ટર ઑફ એક્સેલન્સ તરીકે વિકસાવીશું.



દરેક તાલુકામાં ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી માટે રોલ મોડેલ બની શકે તેવા આદર્શ ગામ વિકસાવીશું.

હાઈડ્રોપોનિક્સ અને એક્વાપોનિક્સ પ્રકારની નવી અને ઊભરતી કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપીશું.

## ડેરી સેક્ટરનું આધુનિકીકરણ

'મુખ્યમંત્રી પશુધન સહાય યોજના' હેઠળ જ્યારે વાછરડાનો જન્મ થાય ત્યારે 2 મહિના માટે પશુ આહાર પર 50% સબસિડી પ્રદાન કરીશું.

'ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ'ને નવી ગૌશાળાઓ બાંધવા અને હાલની ગૌશાળાઓને અપગ્રેડ કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવાના હેતુથી ₹500 કરોડ ફાળવીશું.

ગુજરાતના તમામ ગામોમાં ઘરઆંગણે પશુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા વધારાના 1,000 મોબાઈલ વેટરનરી યુનિટ્સ બનાવીશું.

તમામ પશુધનના આરોગ્ય અને રસીકરણની સ્થિતિની અસરકારક દેખરેખ માટે પશુ આધાર કાર્ડ બનાવીશું અને સહાયક IT ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરીશું.

રાજ્યના દરેક પશુધનની નિયમિત તપાસ થાય અને તેનું સમયસર રસીકરણ થાય તે સુનિશ્ચિત કરીશું.



# સાગરખેડુઓનો સર્વાંગી વિકાસ

ભારતના પ્રથમ 'બ્લૂ ઈકોનોમી ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર'નું ગુજરાતમાં નિર્માણ કરીશું, જે અંતર્ગત:

- 2 સી-ફૂડ પાર્ક્સ (સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત)
- પ્રોસેસિંગ ઉદ્યોગોના પ્લગ એન્ડ પ્લે સેટઅપ માટે મજબૂત સહાયક પ્રાથમિક માળખાકીય સુવિધાઓ
- સંગ્રહ, પરિવહન અને નિકાસ (સર્ટિફિકેશન લેબોરેટેરીઝ, ગોડાઉન, મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ વગેરે) જેવી કોમન સપોર્ટ ફેસેલિટી

માછીમારી સાથે સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ યુનિટ્સના વિસ્તરણ માટે:

- જેટીઓનું બાંધકામ અને અપગ્રેડેશન
- માછલી બજારોનું આધુનિકીકરણ
- નાના કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરવા, રેફ્રિજરેટેડ વાનમાં વધારો કરવા, આધુનિક આઇસબોક્સ વસાવવા વગેરે માટે સબસિડી આપીને કોલ્ડ સપ્લાય ચેનને મજબૂત બનાવીશું

'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' હેઠળ બોટના 100% મેકેનાઈઝેશનને સુનિશ્ચિત કરીશું.

માછીમારો માટે કોઇ પણ તબીબી કટોકટી સર્જાય તો તેને પહોંચી વળવા વધુ 6 બોટ એમ્બ્યુલન્સ વસાવીશું.

પાકિસ્તાન દ્વારા જે બોટ માલિકોની બોટ પકડીને પરત ના અપાય તેવા કિસ્સામાં માછીમારોની આજીવિકા ટકાવી રાખવા માટે નવી બોટ આપીશું.

માછીમારો માટે 'કોસ્ટલ કો-ઓર્ડિનેશન કમિટી' બનાવીશું, જેની જિલ્લા કલેક્ટર અને મત્સ્યોધોગ મંત્રીની હાજરીમાં ત્રિમાસિક બેઠકો યોજીશું.

સી રેન્ચિંગ અને માછીમારોમાં સી કેજ કલ્ચર જેવી નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે નવી 'મરીન મેનેજમેન્ટ પોલિસી' લાવીશું.



# બાગાયતી ખેતીને પ્રોત્સાહન

રાજ્યમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ અને બાગાયતી ખેતીનો વિકાસ કરવા માટે અમદાવાદ, જામનગર અને ખેડામાં બાગાયતી ખેતી (હોર્ટિકલ્ચર) માટેના સેન્ટર ઑફ એક્સેલન્સને ઝડપથી કાર્યરત કરીશું.

આગામી 5 વર્ષમાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા 250 નવા બાગાયત F P O s ની સ્થાપના કરીશું.



# મધમાખી ઉછેર, કેલ્પ ફાર્મિંગ, સેરિકલ્ચર (સિલ્ક ફાર્મિંગ) અને ફ્લોરિકલ્ચરને પ્રોત્સાહન

મધમાખી ઉછેરની યોગ્ય તાલીમ સાથે મધ ઉત્પાદન માટે 10,000 ખેડૂતોને મધમાખીના 5 બોક્સ નિ:શુલ્ક આપીશું.

ગુજરાતના દરિયાકિનારા પર મજબૂત સી વીડ ફાર્મિંગ ઈકોસિસ્ટમનો વિકાસ કરીને 5,000 સ્વસહાય જૂથોને કેલ્પ ખેતી માટે તાલીમ અને સાધનો પૂરા પાડીશું.

5,000 SHGsને રેશમના કીડાના બીજ નિ:શુલ્ક આપીને રેશમની ખેતીને પ્રોત્સાહિત કરીશું.

ફૂલોની ખેતી (ફ્લોરિકલ્ચર) સાથે સંકળાયેલા ખેડૂતોને પ્રોસેસિંગ યુનિટ્સના નિર્માણ અને પરફ્યુમ/ધૂપ ઉદ્યોગ માટે સહાય-પ્રોત્સાહન પૂરી પાડવા 'ગુજરાત ફ્લોરિકલ્ચર મિશન' શરૂ કરીશું.



# અગ્રેસર ઈકોનોમી



## શ્રેષ્ઠ અર્થવ્યવસ્થાનો રોડમેપ

**ગુજરાતને 1 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવીશું:**

- ગુજરાતને ભારતના મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ તરીકેનું સ્થાન જાળવી રાખીશું
- સર્વિસ સેક્ટર IT/ITES, ફિનટેક અને પર્યટન પર ધ્યાન આપીશું
- સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી જેવા નવા યુગના ઉધોગોના નિર્માણ માટે માનવ અને સંસ્થાકીય ક્ષમતા વધારવા રોકાણ કરીશું

FDI ક્ષેત્રે ગુજરાતનું No.1નું સ્થાન જાળવી રાખવા આગામી 5 વર્ષમાં ₹5 લાખ કરોડનું વિદેશી રોકાણ લાવીશું.

ભવિષ્યમાં પણ ગુજરાત વિશ્વનું ફેવરેટ બિઝનેસ ડેસ્ટિનેશન બની રહે તથા અહીં બિઝનેસ કરવામાં સૌને સરળતા રહે તે માટેના માર્ગદર્શક સૂચનો મેળવવા ઉધોગપતિઓ, આંત્રપ્રેન્યોર અને નિષ્ણાતોનો સમાવેશ કરીને 'ઈકોનોમિક એડવાઈઝરી બોર્ડ'નું ગઠન કરીશું.

## ગુજરાતના વિકાસના કોરિડોર

'ભારતમાલા પરિયોજના હેઠળ' એક્સપ્રેસ હાઈ-વેને સમાંતર ડેડિકેટેડ ઈકોનોમિક કોરિડોર બનાવીશું.

'સાગરમાલા પ્રોજેક્ટ' હેઠળ કચ્છ, સૌરાષ્ટ્ર અને સુરતમાં 3 'કોસ્ટલ ઈકોનોમિક ઝોન'નું નિર્માણ ઝડપથી કરીશું.

# વેગવંતો ઔદ્યોગિક વિકાસ

સર્વિસ સેક્ટરના વિકાસને વેગ આપવા માટે 'ડેડિકેટેડ સર્વિસીઝ કમિશનરેટ' બનાવીશું.

સર્વિસ સેક્ટરને મજબૂત કરવા:

- દેશ-દુનિયાનાં IT જાયન્ટ્સને આકર્ષીને નિકાસમાં ₹25,000 કરોડનો વધારો કરીશું જેના થકી 1 લાખ નોકરીઓનું લક્ષ્ય

- ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રમાં રોકાણ આકર્ષિત કરવા માટે ગુજરાતના વિવિધ સ્થળે વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ સાથે IT અને ફિનટેક પાર્કનું નિર્માણ કરીશું

નવસારી અને સુરેન્દ્રનગરમાં મેગા ટેક્સટાઇલ પાર્કના નિર્માણ થકી લાખો રોજગારની તકો ઊભી થશે.

ગુજરાતના દરેક જિલ્લાનો એક્સપોર્ટ હબ તરીકે વિકાસ કરવા; મેન્યુફેક્ચરિંગ, ડિઝાઈનિંગ, પેકેજિંગ અને માર્કેટિંગ માટેની સુનિયોજિત ઈકોસિસ્ટમનું નિર્માણ કરીશું.

# MSMEsનું સશક્તિકરણ

'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ 2022 ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રિઝ' યોજના હેઠળ MSMEs ને પ્રોત્સાહનો (જેમ કે કેપિટલ સબસિડી, વીજળી ડ્યુટી પર છૂટ અને EPF પર વળતર) પ્રદાન કરીશું.



₹500 કરોડના ફંડની રચના કરીશું, જે હેઠળ:

- ટેકનોલોજી અપગ્રેડેશન અને વધુ સારા માર્કેટ એક્સેસ માટે MSMEs ને વ્યાજમુક્ત લોન આપીશું
- વર્કિંગ કેપિટલની જરૂરિયાતો માટે ટૂંકા ગાળાની ઓછા વ્યાજની લોન આપીશું


સ્વીકૃત MSMEs ક્લસ્ટર્સમાં કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્યમાં 'કોમન ફેસિલિટી સેન્ટર' સ્થાપવા માટે 100% સબસિડી આપીશું.

5 વર્ષમાં વિસ્તરણ થઈને MSME તેની ઉપરની કેટેગરીમાં પહોંચે તો પણ તેની પહેલાની કેટેગરીને અનુરૂપ ગુજરાત સરકારના વિશિષ્ટ પ્રોત્સાહક લાભ મળતાં રહે તે બાબત સુનિશ્ચિત કરીશું.

3 વર્ષની મુક્તિ અવધિની સમાપ્તિની તારીખથી 6 મહિનામાં MSME એકમોને જરૂરી પરવાનગીઓ મળી જાય અને તે ન થવા પર તેમને ડીમ્ડ એપ્રુવ્ડ ગણવામાં આવે તે સુનિશ્ચિત કરીશું.

## ન્યૂ એજ ઈન્ડસ્ટ્રિઝનું હબ બનવા તરફ

'સેમિકોન સિટી'ના નિર્માણ અને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ માટે પ્રોત્સાહક નીતિઓ થકી ગુજરાતને દુનિયાનું સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ હબ બનાવીશું કે જેના દ્વારા લાખો રોજગારની તકો ઊભી થશે.



બેટરી સ્ટોરેજ ટેકનોલોજી અને EV મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલ વિવિધ ઉદ્યોગો અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડીને ગુજરાતને ભારતનું EV હબ બનાવીશું.

વ્હીકલ સ્ક્રેપેજ અને ગ્રીન શિપ રિસાયક્લિંગ ક્ષેત્રમાં રહેલા આપણાં સામર્થ્યનો ઉપયોગ કરીને ગુજરાતને ભારતનું રિસાયક્લિંગ હબ બનાવીશું.

'ન્યૂ શિપ બિલ્ડિંગ પોલિસી' અંતર્ગત પ્રોત્સાહક અનુદાન આપી, કુશળ માનવબળનું નિર્માણ કરી અને એન્સિલરી યુનિટ્સની ઉપલબ્ધતા વધારીને ગુજરાતને શિપ બિલ્ડિંગ માટે આદર્શ સ્થળ તરીકે પ્રસ્થાપિત કરીશું.

સ્વચ્છ ઇંધણ તરીકે હાઇડ્રોજનને અપનાવવા માટે જરૂરી પરિવહન તથા સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી અને નાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડીને ગુજરાતને ભારતનું હાઇડ્રોજન હબ બનાવવા 'ગ્રીન હાઇડ્રોજન ફ્યુઅલ નીતિ' લાવીશું.

નવી 'બાયોટેકનોલોજી પોલિસી 2022-27' હેઠળ ₹20,000 કરોડનું રોકાણ લાવીને, 500 નવા યુનિટ શરૂ કરીને ગુજરાતને બાયોટેકનોલોજીનું હબ બનાવીશું કે જેના થકી આ ક્ષેત્રે 1.2 લાખ રોજગારીનું સર્જન કરીશું.

વૈશ્વિક ક્લાઉડ સર્વિસ પ્રોવાઇડર્સને ગુજરાતમાં તેમના ડેટા સેન્ટર પાર્ક બનાવવા પ્રોત્સાહક વાતાવરણ પૂરૂં પાડીને ગુજરાતને ભારતનું ઇન્ફોર્મેશન ગેટ-વે બનાવવાના લક્ષ્ય સાથે એક ‘વ્યાપક ડેટા સેન્ટર નીતિ’ બનાવીશું અને ગુજરાતના પ્રથમ સબમરીન લેન્ડિંગ કેબલ મેળવવાની દિશામાં પણ કામ કરીશું.



# ભારતના સૌથી મોટા ડિફેન્સ-એવિએશન હબનું નિર્માણ

ડિફેન્સ ક્ષેત્રના મુખ્ય નિર્માતાઓને રોકાણ માટે આકર્ષિત કરીને, 'ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર'નું નિર્માણ કરીને અને પોલિસી આધારિત ઈકોસિસ્ટમ થકી ગુજરાતને ભારતનું ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ હબ બનાવીશું, આ માટે:

- ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં 10%ની હિસ્સેદારી
- સંરક્ષણ ક્ષેત્રની MSMEs ને ખાસ યોજનાઓ થકી પ્રોત્સાહન
- કચ્છ, બનાસકાંઠા, અમદાવાદ અને સાબરકાંઠાના સ્પેશિયલ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઝોનમાં સહાયક પ્રાથમિક માળખાકીય સુવિધાઓનું નિર્માણ

ગુજરાતને દેશનું એવિએશન મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનું લક્ષ્ય, જેમાં:

- પહેલું અનોખું એવિએશન પાર્ક ધોલેરામાં બનશે
- ગ્લોબલ એરોસ્પેસ ક્લસ્ટર વિકાસાવીશું જેનાથી વડોદરા, સુરત અને અમદાવાદમાં MRO હબ દ્વારા એરક્રાફ્ટ ઓવરહોલિંગ અને રિપેરિંગને પ્રોત્સાહન મળશે
- ગુજરાતમાં પહેલી એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી વડોદરામાં નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ સુવિધાઓ આપવામાં આવશે





# અગ્રેસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર



## અમૃતકાળમાં કનેક્ટિવિટીમાં પથદર્શક

અમૃતકાળમાં ગુજરાત ઈન્ટિગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ક્ષેત્રે દેશનું માર્ગદર્શક બને તે લક્ષ્ય સાથે મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી માટેનો ગતિ શક્તિ માસ્ટર પ્લાન લોન્ચ કરીશું જે રોડ-વે, રેલ્વે, એર-વે અને વોટર-વેના ક્રિટિકલ પ્રોજેક્ટ્સમાં ઇન્ટિગ્રેટેડ પ્લાનિંગ અને કોર્ડિનેટેડ ઇંપ્લિમેન્ટેશન લાવશે.

## સમૃદ્ધિ કોરિડોરનું નિર્માણ

દેશમાં પહેલી વાર 3,000 કિ.મી. લાંબો અને સમગ્ર ગુજરાતને આવરી લેતો 4-6 લેનનો 'પરિક્રમા પથ' બનાવીશું:

- ભાગ 1 - 'સાઉથ ઈસ્ટર્ન પેરિફેરલ હાઈ-વે' (ભારતનો સૌથી લાંબો કોસ્ટલ હાઈ-વે, 1,630 કિ.મી.)
- ભાગ 2 - 'નોર્થ વેસ્ટર્ન પેરિફેરલ હાઈ-વે' (1,380 કિ.મી.)

'ગુજરાત લિંક કોરિડોર્સ'નો વિકાસ કરીશું:

- પૂર્વ-પશ્ચિમ કોરિડોર: દાહોદથી પોરબંદર (611 કિ.મી.)
- ઉત્તર-દક્ષિણ કોરિડોર: પાલનપુરથી વલસાડ (558 કિ.મી.)

ગુજરાતના તમામ જિલ્લા મથકોને ગાંધીનગર સાથે 4-6 લેન હાઇ-વેથી જોડીશું જેથી કનેક્ટિવિટી વધશે અને આંતર-રાજ્ય વેપારને વેગ મળશે.

મહત્વના આર્થિક કેન્દ્રો અને નેશનલ હાઈ-વે વચ્ચે મજબૂત કનેક્ટિવિટી વિકસાવવા માટે સૌરાષ્ટ્ર એક્સપ્રેસ હાઈ-વે ગ્રીડને વિકસાવીશું.

## રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અદ્યતન વિકાસ

ભારતનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જ્યાં દોડશે તે મુંબઇ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોરના વિકાસને ઝડપી બનાવીશું.

કેન્દ્ર સરકાર સાથે મળીને અમદાવાદ-ગાંધીનગર ક્ષેત્રમાં (દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ RRTSની જેમ) મોબિલિટીના ટ્રાન્સફોર્મેશન માટે રિજિયોનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) પર કામ કરીશું.

તારંગા-અંબાજી-આબુ રોડ રેલ્વે લાઈનના વિકાસને કેન્દ્ર સરકાર સાથે સંકલન કરીને રેકોર્ડ સમયમાં પૂર્ણ કરીશું.



- વર્લ્ડ ક્લાસ સુવિધાઓની સાથે ઈકો-ફ્રેન્ડલી ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી તમામ રેલ્વે સ્ટેશનોને સુસજ્જ કરીશું.

- નવા રેલ્વે ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ બનાવીને ગુજરાતને ફાટક મુક્ત બનાવી પરિવહનને સરળ કરીશું.

## બેસ્ટ એર કનેક્ટિવિટી નેટવર્ક

સૌથી વધુ સંખ્યામાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટનું સંચાલન કરી અને મુસાફરોની સંખ્યા ડબલ કરીને ગુજરાતને સિવિલ એવિએશનમાં No.1 બનાવીશું:

- વર્ષ 2025 સુધીમાં નવા ગ્રીનફિલ્ડ ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ
- વર્ષ 2023 સુધીમાં રાજકોટ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ, જે સૌરાષ્ટ્રના વિકાસને આપશે રફ્તાર
- ચાર્ટર્ડ ફ્લાઇટ્સ, એર એમ્બ્યુલન્સ અને કાર્ગો એરક્રાફ્ટનું ટ્રાન્સપોર્ટેશન સરળ કરવા ટિયર (Tier) 2-3 શહેરોમાં એરપોર્ટ અને હેલિપોર્ટ્સનો વિકાસ
- કાર્ગો અને પેસેન્જર હેન્ડલિંગ ક્ષમતાને ડબલ કરવા એરપોર્ટ પર નવા ટર્મિનલ અને રન-વેનો વિકાસ
- અન્ડર-સર્વિસ્ડ એરપોર્ટ્સમાં રૂટ અને ફ્લાઈટ્સની સંખ્યા વધારવા સરકારી સહાય
- અંબાજી, પાલિતાણા, તાપી જેવા પર્યટન સ્થળોમાં વોટર એરોડ્રોમ
- તમામ એરપોર્ટ પર કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ જેથી માલસામાન અને મુસાફરોની અવરજવર સરળતાથી થઈ શકે



# ઈન્ટ્રા-સ્ટેટ ટ્રાન્સપોર્ટેશનનું વિસ્તરણ

PPP મોડેલ હેઠળ 'વન ડિસ્ટ્રિક્ટ વન બસ પોર્ટ' પ્રોગ્રામ શરૂ કરીશું, જ્યાં વર્લ્ડ ક્લાસ સુવિધાઓ અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ વિશાળ બસ ડેપો વિકસાવાશે.

નાના શહેરો અને ગામડાઓને નજીકના શહેરી કેન્દ્રો સાથે જોડવા માટે 1,000 ઈ-બસોનો કાફલો વિકસાવીશું.

પ્રદૂષણ ઘટાડવા માટે GSRTCની 50% બસો LNG અને હાઇડ્રોજન ઈંધણ પર ચલાવીશું.

સમગ્ર ગુજરાતમાં તમામ બસ ડેપોનું આધુનિકીકરણ કરીશું.



# લોજિસ્ટિક્સમાં No.1 રહેવા પ્રતિબદ્ધ

મેરિટાઇમ ગેટ-વે તરીકે ગુજરાતને No. 1 બનાવી રાખવા અને ગુજરાતના બંદરોની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા ડબલ કરવા માટે નાના-મોટા બંદરો પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને વેગ આપીશું.

તમામ નાના-મોટા બંદરોનું નજીકના હાઈ-વે અને બની રહેલા એક્સપ્રેસ-વે સાથેનું જોડાણ સુનિશ્ચિત કરીશું.

માલસામાનની સુગમ અવરજવર, લોજિસ્ટિક્સ ખર્ચ ઓછો કરવા અને પ્રદૂષણ-ટ્રાફિક ઘટાડવાના હેતુથી 'ભારતમાલા' પરિયોજના હેઠળ અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, વલસાડ, રાજકોટ, કંડલા અને ભાવનગરમાં 8 વર્લ્ડ ક્લાસ 'મલ્ટિ-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક' સ્થાપીશું.

પીપાવાવ, મૂળ દ્વારકા અને મુન્દ્રા જેવા નવા સ્થળો ઉમેરી રાજ્યભરમાં ફેરી અને રો-રો પેક્સના વર્તમાન નેટવર્કને વિસ્તારીશું.



# રિન્યૂએબલ એનર્જીમાં અગ્રેસર ગુજરાત

રાજ્યની ઊર્જા જરૂરિયાતના હિતોના રક્ષણ માટે ગુજરાત દેશના મોટા રાજ્યોમાં પહેલીવાર કુલ ઊર્જા ઉત્પાદનના 50% રિન્યૂએબલ એનર્જી સ્ત્રોતોમાંથી મેળવવાની સિદ્ધિ હાંસલ કરશે.

વર્ષ 2030 સુધી દેશની રિન્યૂએબલ એનર્જી ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો 15% થી 18% સુધી વધારીને, તેને 90 GW સુધી લઈ જઈને દેશની ગ્રીન એનર્જીની ક્ષમતાને વધારવામાં ગુજરાતને અગ્રેસર બનાવીશું.

વર્તમાન ઊર્જા ક્ષમતાને ડબલ કરવા માટે ₹80,000 કરોડનું રોકાણ લાવવાના લક્ષ્ય સાથે 'શ્યામજી કૃષ્ણ વર્મા રિન્યૂએબલ એનર્જી મિશન' શરૂ કરીશું, જેની હેઠળ:

- વિવિધ જગ્યાએ મેગા હાઇડ્રોજન પાર્ક સ્થાપીને ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયાના ઉત્પાદનમાં અગ્રેસર બનીશું
- કચ્છ (ખાવડા) અને બનાસકાંઠા જિલ્લામાં 30,000 M W થી વધુની સ્થાપિત ક્ષમતા સાથે 2 મેગા રિન્યૂએબલ ઊર્જા પ્રોજેક્ટ સ્થાપીશું
- ઑફશોર અને ઓનશોર વિન્ડ પાર્કની મદદથી પવન ઊર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન ડબલ કરીશું

ગુજરાતે દેશમાં સૌથી વધુ સોલાર રૂફટોપ ઇન્સ્ટોલેશન હાંસલ કર્યું છે અને આ સ્થિતિને જાળવી રાખીશું:

- રૂરલ સબસિડી - 3 KW સુધીની રૂફટોપ પેનલ સ્થાપિત કરવા માટે 40% થી વધારી 50% અને 3 KW થી 10 KW સુધીની ક્ષમતામાં સબસિડીને 20%થી વધારી 30% કરીશું
- 50 શહેરો અને 500 ગામડાઓમાં સૌર ઊર્જાથી ચાલતા ક્લસ્ટર્સની સ્થાપના
- મોઢેરાની જેમ દ્વારકા-પાલિતાણા જેવા પર્યટન ધામોને 100% સૌર ઊર્જાથી સંચાલિત કરીશું



# બધા માટે સ્વચ્છ પાણી અને સેનિટેશન

'ગુજરાત સ્ટેટ વોટર મેનેજમેન્ટ પોલિસી 2023' હેઠળ ગુજરાત ડ્રિન્કિંગ વોટર માસ્ટર પ્લાન લોન્ચ કરીશું. જે વર્તમાન અને ભવિષ્યની પાણીની માગ, પાણી પુરવઠાની ક્ષમતા અને સસ્ટેનેબલ વોટર મેનેજમેન્ટના રોડમેપ આધારિત હશે.

ગુજરાતના દરેક ગામ, નગર અને શહેરમાં દરરોજ ઉચ્ચ ગુણવત્તાવાળું, અવિરત પીવાનું પાણી પૂરું પાડવા માટે જરૂરી નવા કાર્યો, ખૂટતી કડીઓ સમાન કામ તથા પાણીના વિતરણ માળખાને મજબૂત કરવાના કામ કરીશું.

ગ્રાઉન્ડ વોટર રિચાર્જ રેટને જાળવી રાખવા માટે વરસાદી પાણીના જળસંચય અને સ્ટોરેજ સ્ટ્રક્ચરનું મિશન મોડ પર નિર્માણ કરીશું.

'સ્વચ્છ ભારત મિશન 2.0' અંતર્ગત તમામ લક્ષ્યો સર કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બને તે માટે:

- ગટરનું પાણી પર્યાવરણમાં ડિસ્ચાર્જ ન થાય તે બાબત સુનિશ્ચિત કરાશે અને વપરાયેલ પાણીને સુરક્ષિત રીતે પરિવહન અને પ્રોસેસ કરીને શહેરી વિસ્તારોમાં ફરીથી ઉપયોગમાં લેવાશે

- સ્વચ્છ અર્બન ગુજરાતના ધ્યેયને હાંસલ કરવા માટે રિલાયેબલ ઓપરેશન અને મેઇન્ટેનન્સ મિકેનિઝમ સાથે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીશું

અમદાવાદ અને વડોદરામાં વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટને કાર્યરત કરીશું સાથે જ ગુજરાતમાં ઝીરો-વેસ્ટ શહેરો બનાવવા માટે રાજકોટ અને સુરતમાં નવા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટ્સ સ્થાપીશું.



# વર્લ્ડ-ક્લાસ શહેરોનું નિર્માણ

ગુજરાતના શહેરોની તસવીર બદલવા માટે 'ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન' હેઠળ ₹25,000 કરોડ ખર્ચીશું, જેમાં:

- એફોર્ડેબલ હાઉસિંગ પૂરા પાડવા માટે 5 મોડર્ન સેટેલાઇટ ટાઉનશિપ વિકસાવાશે
- તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટને રેકોર્ડ સમયગાળામાં સાકાર કરીશું
- રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે 100 અર્બન ફોરેસ્ટ ડેવલોપ કરીશું
- તમામ મુખ્ય શહેરોમાં નેચરલ લેન્ડસ્કેપિંગ, પિકનિક એરિયા, એથ્લેટિક ફિલ્ડ, યોગા સેન્ટર અને પ્લેગ્રાઉન્ડ જેવી સુવિધાઓ ધરાવતા મેગા રિક્રિએશનલ પાર્ક્સનું નિર્માણ કરીશું
- 100 શહેર અને અર્બન વિસ્તારોમાં હાઈ-સ્પીડ નિ:શુલ્ક Wi-Fi કનેક્ટિવિટી ઝોન બનાવીશું
- ગુજરાતના ગીચ અને ટ્રાફિકવાળા વિસ્તારોમાં સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ અને નવા મલ્ટિ લેવલ પાર્કિંગ બનાવીશું
- એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનોને ટ્રાફિકમાંથી ઝડપી રસ્તો મળી રહે તે માટે તમામ શહેરી વિસ્તારોમાં 'ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ' શરૂ કરીશું
- ગટરનું પાણી પ્રોસેસ કર્યા વગર નદી-તળાવમાં નહીં છોડવામાં આવે



સૌથી એડવાન્સ્ડ અને મોટું મેટ્રો રેલ નેટવર્ક તૈયાર કરીશું, જેમાં:

- ગાંધીનગર અને સુરતમાં મેટ્રો કાર્યાન્વિત કરવાનું લક્ષ્ય
- સૌરાષ્ટ્ર (રાજકોટ) અને મધ્ય ગુજરાત (વડોદરા)ની પ્રથમ મેટ્રો રેલ સેવા પર કામ શરૂ કરીશું
- અમદાવાદના 'સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ' સુધી હાઈ-સ્પીડ કનેક્ટિવિટી માટે સ્પેશિયલ એરપોર્ટ એક્સપ્રેસ મેટ્રો લાઈનનું નિર્માણ કરીશું

- અમદાવાદ અને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન વચ્ચે ગુજરાતના પ્રથમ 'લાઇટ રેલ પ્રોજેક્ટ'ને આગળ ધપાવીશું

ગુજરાતના મુખ્ય શહેરી કેન્દ્રોના સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોના પુનર્વસન માટે જરુરી તમામ સુવિધાઓથી સજ્જ લો-કોસ્ટ એફોર્ડેબલ હાઉસિંગ કોમ્પ્લેક્ષ વિકસાવીશું.



# ગામડાઓનો સર્વાંગી વિકાસ

'અમૃત વિલેજ કેમ્પેન' હેઠળ ₹20,000 કરોડનું 'કેશુભાઈ પટેલ ગ્રામ ઉન્નતિ કોષ' બનાવીશું, જેમાં:

- દરેક ગામને બારમાસી પાકી સડકોથી જોડવામાં આવશે
- ગામડાઓમાં 100% પાકી ડ્રેનેજ સિસ્ટમ બનાવી ડ્રેનેજ સિસ્ટમને સુદૃઢ કરીશું
- ગામનો રસ્તો હાઈ-વે સાથે જ્યાં જોડાય ત્યાં બસ સ્ટોપ બાંધીશું
- દરેક ગ્રામ પંચાયતમાં 'કોમન મલ્ટિ પર્પઝ રિક્રિએશનલ ડેવલોપમેન્ટ સેન્ટર' બાંધીશું કે જેમાં ગ્રામજનો ગૃપ એક્ટિવિટી, સામાજિક કાર્યક્રમો કરી શકશે
- ગુજરાતને ભારતનું પહેલું એવું રાજ્ય બનાવવું છે જેમાં દરેક ગ્રામ્ય વિસ્તાર વૈશ્વિક બ્રોડબેન્ડ અને Wi-Fiથી કનેક્ટેડ હોય

'ધારાસભ્ય આદર્શ ગ્રામ યોજના' લાગુ કરીશું જેમાં આવનારા પાંચ વર્ષમાં દરેક ધારાસભ્ય 2 ગામને આદર્શ ગામ તરીકે વિકસાવશે.



# અગ્રેસર ગવર્નન્સ



## પારદર્શક ગવર્નન્સને મજબૂત બનાવીશું

સર્વાંગી વિકાસને સરળ બનાવવા હેલ્થકેર, એજ્યુકેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેનિટેશન જેવા વિષયોના નિષ્ણાતોની 'ચીફ મિનિસ્ટર એડવાઈઝરી કાઉન્સિલ' બનાવીશું.

'સરદાર વલ્લભભાઈ પટેલ ગવર્નન્સ ફેલોશિપ' શરૂ કરીશું. આ ફેલોશિપના સભ્યોને વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયોમાં તહેનાત કરવામાં આવશે જેઓ ગવર્નન્સમાં પરિવર્તન લાવવા માટે તેમના વિચારોનું યોગદાન આપશે.

વર્તમાન ફરિયાદ નિવારણ પદ્ધતિને વધુ અપગ્રેડ કરીશું, જેમાં:

- CM હેલ્પલાઈન નંબર અને વેબસાઈટ અપગ્રેડ કરીશું
- ધારાસભ્યો દર મહિનાના બીજા અને ચોથા શુક્રવારે તેમના મત વિસ્તારના લોકોને મળશે
- કલેક્ટર અને SP વિવિધ તાલુકાઓમાં દર પખવાડિયે જનતા સાથે 'ફરિયાદ નિવારણ' બેઠકો કરશે

ગુજરાત પ્રથમ રાજ્ય બનશે જ્યાં તમામ નાણાકીય સહાય D B T દ્વારા આપવામાં આવશે.

'સુવિધા એપ' લોન્ચ કરીશું જેમાં 300+ સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓને એક્સેસ કરી શકાશે.

જમીનના અતિક્રમણને તપાસવા દરેક જિલ્લામાં ટાસ્ક-ફોર્સ બનાવીશું અને LiDAR જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીશું.

## સલામતી અને સ્થિરતાથી જ સમૃદ્ધિ

'ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ' કમિટીની ભલામણોનો સંપૂર્ણપણે અમલ થાય તે સુનિશ્ચિત કરીશું.

'એન્ટિ રેડિકલાઈઝેશન સેલ' બનાવીશું જે દેશવિરોધી તત્વો અને આતંકવાદી સંગઠનોના સ્લીપર સેલને ઓળખીને તેને દૂર કરવાનું કામ કરશે.

એક ટાસ્ક ફોર્સની રચના કરીશું જે વક્ફ બોર્ડની સંપત્તિ અને નાણાકીય વ્યવહારોની તપાસ કરશે તેમજ મદરેસાઓના અભ્યાસક્રમનું સર્વેક્ષણ પણ કરશે.

'ગુજરાત ફ્રીડમ (અમેન્ડમેન્ટ) એક્ટ, 2021' હેઠળ બળજબરીથી ધર્મ પરિવર્તન માટે નાણાકીય દંડની અને સખત કેદની જોગવાઇઓનો દ્રઢતાપૂર્વક અમલ કરીશું.





રમખાણો, હિંસક વિરોધ, અશાંતિ વગેરે દરમિયાન અસામાજિક તત્વો દ્વારા જાહેર અને ખાનગી મિલકતોને થયેલા નુકસાનની વસૂલાત કરવા માટે 'ગુજરાત રિકવરી ઑફ ડેમેજ ઑફ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી એક્ટ' લાગુ કરીશું.

તમામ ઈમરજન્સી હેલ્પલાઈનને એકીકૃત કરીને ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 બનાવીશું.

પોલીસ ફોર્સને અત્યાધુનિક બનાવવા ₹1,000 કરોડનો ખર્ચ કરીશું, જેનાથી:

- ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફૂટપ્રિન્ટને મજબૂત બનાવવા પોલીસ સ્ટેશન, PCR વાન, ઇન્ટરસેપ્ટર્સ, હાઈ વિઝિબિલિટી ડેકોય કાર, ATVs વસાવીશું
- શ્રેષ્ઠ હથિયાર અને સાધનોની ખરીદી, ટેબ્લેટ, ઈ-ચલણ માટે હાથમાં રાખી શકાય તેવાં હાઈટેક ઉપકરણો, બોડી કેમેરા, ડ્રોન વગેરે સામેલ કરીશું
- પોલીસ માટે ભારતનું સૌથી મજબૂત IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીને અપરાધને રોકવામાં મદદ કરવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીશું

ક્રાઉડ મોનિટરિંગ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ટ્રાફિક મેનેજમેન્ટ અને દરિયાકાંઠા-સરહદી વિસ્તારોમાં સર્વેલન્સ માટે ડ્રોનનો વ્યાપક ઉપયોગ કરીશું.

તમામ પોલીસ સ્ટેશનોમાં સાયબર હેલ્પ ડેસ્ક અને દરેક જિલ્લામાં 'સાયબર ફોરેન્સિક યુનિટ' બનાવીશું.

ગુજરાતમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં પોલીસ કમિશનરેટ સિસ્ટમ લાવીશું.


ગુજરાત હાઈકોર્ટની વધારાની બેન્ચની સ્થાપના કરીશું.

નીચલી અદાલતના સ્તરે ન્યાયિક માળખાને સુધારવા માટે સ્પેશિયલ ભંડોળ ફાળવીશું, જેમાં:

- નવા કોર્ટ કોમ્પ્લેક્ષનું નિર્માણ અને હાલની કોર્ટ બિલ્ડિંગને અપગ્રેડ કરીશું
- ફાસ્ટટ્રેક કોર્ટ, કોમર્શિયલ કોર્ટ, ફેમિલી કોર્ટ અને લોક અદાલતોની સંખ્યા વધારીને પેન્ડિંગ કેસોની સંખ્યા ઘટાડીશું
- વકીલો અને કર્મચારીઓ માટે સ્માર્ટ લાઈબ્રેરી અને ચેમ્બર જેવી અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરીશું



# અગ્રેસર નારી



## દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યનું સ્વપ્ન

- KG થી PG સુધીની તમામ દીકરીઓને નિઃશુલ્ક ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીશું.
- ધોરણ 9 થી 12ની વિદ્યાર્થિનીઓને નિઃશુલ્ક સાયકલ આપીશું.
- આર્થિક રીતે નબળા પરિવારની કોલેજ જતી દીકરીઓને મેરિટ પ્રમાણે ઈલેક્ટ્રિક સ્કૂટર આપવા માટે 'શારદા મહેતા યોજના' શરૂ કરીશું.
- 'વ્હાલી દીકરી યોજના' અંતર્ગત નાણાકીય સહાય વધારીને ₹1.50 લાખ કરીશું.
- દીકરીઓને આર્મી અને પોલીસમાં જોડાવવા માટે પ્રોત્સાહન મળે તે માટે ગુજરાતના અલગ અલગ ઝોનમાં 4 'રક્ષાશક્તિ સ્કૂલ' શરૂ કરીશું.

## મહિલાઓ-બાળકો માટે વર્લ્ડ ક્લાસ સ્વાસ્થ્ય સુવિધાઓ

- 100% પ્રસૂતિ દવાખાનામાં થાય તે સુનિશ્ચિત કરીશું.
- ગાયનેકોલોજી એન્ડ ઓબ્સ્ટેટ્રિક્સ (Gynaecology and Obstetrics)ના 6 'સ્ત્રી વંદના' સુપર સ્પેશિયાલિસ્ટ સેન્ટર બનાવીશું.
- રાજ્યની દરેક સરકારી હોસ્પિટલમાં નવજાત બાળકોની સારસંભાળ માટે નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટ્સથી સજ્જ 'નંદ ગોપાલ વોર્ડ' બનાવીશું.

‘મા-શિશુ આરોગ્ય યોજના’ લોન્ચ કરીશું જે અંતર્ગત પ્રસૂતિ બાદ માતા-બાળકની સંપૂર્ણ આરોગ્ય તપાસ કરવામાં આવશે જેથી જન્મજાત (Congenital), લાંબાગાળાની (Long Term) કોમ્પ્લિકેશનનું ઝડપથી નિદાન કરી શકાશે.

સગર્ભા મહિલાઓ માટે 200 એમ્બુલન્સની શરૂઆત કરીશું.

‘સુપોષિત માતા સ્વસ્થ બાળ’ યોજના દ્વારા 1,000 દિવસ સુધી EWSની ગરીબ અને સગર્ભા મહિલાઓને પ્રોટીન, ફેટ અને પોષકતત્વોવાળો ખોરાક નિઃશુલ્ક પૂરો પાડીશું.

દરેક વિદ્યાર્થિનીને નિઃશુલ્ક સેનેટરી પેડ આપીશું અને આખા ગુજરાતમાં જાહેર સ્થળો અને પબ્લિક ટોયલેટમાં 25,000 સબસિડીવાળાં સેનેટેરી પેડના વેન્ડિંગ મશીન રાખીશું.

સક્ષમ આંગણવાડી પ્રોજેક્ટ અંતર્ગત આંગણવાડી સેન્ટરોને આધુનિક બનાવવા ₹100 કરોડનું ‘મીનળ દેવી મિશન’ લોન્ચ કરીશું.

ગુજરાતમાં ‘એનેમિયા નાબૂદી મિશન’ શરૂ કરીશું, જેના દ્વારા એનિમિક બાળકો અને મહિલાઓને યોગ્ય સારવાર અને સપ્લિમેન્ટ આપીને ગુજરાતને ‘એનેમિયા મુક્ત’ કરવાની ઝુંબેશ ચલાવીશું.

# મહિલા સન્માનનો સંકલ્પ

‘પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના’ અંતર્ગત દર વર્ષે 2 ગેસ સિલિન્ડર નિઃશુલ્ક આપીશું.

‘કુંવરબાઈનું મામેરું’ યોજના અંતર્ગત EWS પરિવારોને દીકરીના લગ્ન માટે મળતી નાણાકીય સહાય વધારીને ₹25,000 કરાશે.

‘ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના’ અંતર્ગત મહિલાઓને મળતી સહાય વધારીને ₹2,000 સુધીની કરીશું.

ગુજરાતમાં મહિલા સિનિયર સિટિઝન માટે નિઃશુલ્ક બસ પ્રવાસની યોજના લાવીશું.

₹40 કરોડનું ‘પિન્ક ફંડ’ ઊભું કરીને રાજ્યમાં દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મહિલાઓ માટે 25 ‘પિન્ક ટોયલેટ’ બનાવીશું.



# મહિલાઓને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ

આવનારા પાંચ વર્ષોમાં મહિલાઓ માટે 1 લાખથી વધુ સરકારી નોકરીઓનું નિર્માણ કરીશું.

'મિશન મંગલમ 2.0'નું ભંડોળ ₹2,500 કરોડ સુધી વધારીશું, જેમાં:

- રાજ્યમાં સખીમંડળોની સંખ્યા ડબલ કરીશું
- SHG ક્રેડિટ કાર્ડ આપીશું, જેના પર ₹1 લાખ સુધીની વગર વ્યાજની લોન ઉપલબ્ધ થશે
- રાજ્યભરમાં SHGs દ્વારા બનાવવામાં આવેલી પ્રોડક્ટ્સ વેચવા માટે 250 મિશન મંગલમ દુકાનો ખોલીશું
- લઘુ ઉદ્યોગોને ચલાવવા માટે SHGsના સભ્યો ખાસ તાલીમ અને અનુભવ મેળવી શકે તે માટે વિદેશ પ્રવાસની તક આપીશું
- માતા-દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે વાજબી ભાવની 40% દુકાનો SHGsને ફાળવીશું

વર્કિંગ વુમન માટે 50 અત્યાધુનિક હોસ્ટેલ બનાવીશું.

મહિલા ઉદ્યોગ સાહસિકોને ટેકનિકલ , માર્કેટિંગ અને બિઝનેસ ડેવલોપમેન્ટનું માર્ગદર્શન આપવા માટે રાજ્યકક્ષાએ ₹100 કરોડના ભંડોળથી 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' યોજના અંતર્ગત વુમન આંત્રપ્રિન્યોર સેલ બનાવીશું.

રાજયની પોલીસફોર્સમાં મહિલા પોલીસની સંખ્યા ડબલ કરીશું.

ગુજરાત પોલીસમાં 3 મહિલા બટાલિયન બનાવીશું, જે 'શક્તિ', 'સ્વાભિમાન' અને 'અસ્મિતા' વાહિની તરીકે ઓળખાશે.





ગુજરાત પોલીસની સ્પેશિયલ મહિલા કમાન્ડો ફોર્સ બનાવીશું જે 'વીરાંગના' તરીકે ઓળખાશે.

'અગ્નિપથ યોજના'થી અગ્નિવીર તરીકે ભરતી થનારી મહિલાને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

મહિલાઓ માટે ગુજરાતના દરેક પોલીસ સ્ટેશનમાં 'SHE ટીમ'ની રચના કરીશું.

# અગ્રેસર આદિવાસી



## વનબંધુઓનું સશક્તિકરણ

આદિવાસીઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત ₹1 લાખ કરોડ ફાળવીશું, જેમાં:

- વનબંધુઓનું જીવનધોરણ ઊંચું લાવવા 2.5 લાખ આવાસો બાંધીશું
- વનબંધુઓમાંથી કુપોષણના દૂષણને સંપૂર્ણપણે નષ્ટ કરીશું
- આદિવાસી તાલુકાઓની 4000 શાળાઓને અત્યાધુનિક કરીને તેમને 'સ્કૂલ ઑફ એક્સેલન્સ' બનાવીશું
- આદિવાસી જિલ્લામાં નવા 240 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) શરૂ કરીશું
- દરેક આદિવાસી ગામમાં પાકાં રોડ અને યોગ્ય ગટર-પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરીશું
- ગામડા બારેમાસ મુખ્યમાર્ગો સાથે જોડાઇ રહે તે માટે નાના પુલ/કોઝવેને અપગ્રેડ કરીશું

અંબાજીથી ઉમરગામ સુધી 'બિરસા મુંડા આદિજાતિ સમૃદ્ધિ કોરિડોર' બનાવીશું, જેમાં:

- દરેક આદિવાસી જિલ્લાના મુખ્ય મથકને 4-6 લેનના સ્ટેટ હાઈ-વે સાથે જોડીશું
- પાલ દઢવાવ - સ્ટેચ્યૂ ઑફ યુનિટી - શબરી ધામને જોડતી 'આદિવાસી સાંસ્કૃતિક સર્કિટ' બનાવીશું
- ફોરેસ્ટ ઈકોનોમીનો 100% ઉપયોગ કરી શકાય તે માટે જંગલ આધારિત ઉધોગોમાં રોકાણ દ્વારા રોજગારીની તકોનું નિર્માણ કરીશું

- આદિવાસી સંસ્કૃતિને કેન્દ્રસ્થાને રાખીને આદિવાસી પ્રવાસનને પ્રોત્સાહન આપીશું

ટ્રાઈબલ સબ પ્લાન હેઠળના 56 તાલુકામાં મોબાઈલ વાન મારફતે રાશન વિતરણની વ્યવસ્થા શરૂ કરીશું.

યુવાનો માટે રોજગારી ઊભી થાય તે હેતુથી આદિવાસી વિસ્તારોમાં 8 GIDCની સ્થાપના કરીશું.

આદિવાસી બહુલ તાલુકાઓમાં 50 'મોતીલાલ તેજાવત ઈન્ક્યુબેટર્સ'ની સ્થાપના કરીશું જેથી યુવાનો માટે આજીવિકાની તકો વિકસે અને તેઓ ઉદ્યોગ સાહસિકો બને.

વર્ષ 2023 સુધીમાં આદિવાસી પ્રદેશોના દરેક ગામ અને દુર્ગમ પહાડી વિસ્તારમાં પણ 100% મોબાઇલ ઇન્ટરનેટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરીશું.

## વનબંધુઓનું શિક્ષણથી વધે સામર્થ્ય

ભારતની NIRF ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટ અથવા વિશ્વની ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવનાર આદિવાસી વિદ્યાર્થીને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

25 'બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલો' બનાવીશું, જેમાં મેરિટ મુજબ 75,000 આદિવાસી બાળકોને શિક્ષણ મળશે.

'સ્વામી વિવેકાનંદ સ્ટાઈપેન્ડ યોજના' હેઠળ વ્યવસાયિક કોર્સમાં ( ITI ) આદિવાસી વિદ્યાર્થીઓનું માસિક સ્ટાઈપેન્ડ બમણું (₹400થી વધારી ₹800) કરીશું.



ST સર્ટિફિકેટ વિતરણ પ્રક્રિયા સરળ કરીશું જેમાં:

- બ્લોક લેવલે યોગ્ય મેપિંગથી છેક છેવાડાના વનબંધુ સુધી જાતિનું પ્રમાણપત્ર પહોંચાડીશું
- વિદ્યાર્થીને ધોરણ- 8 પાસ કર્યા બાદ શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે જ જાતિનું પ્રમાણપત્ર મળી જશે

## વનબંધુને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સુવિધા

આદિવાસી વિસ્તારોમાં દરેકને સર્વોત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા હેતુથી 8 મેડિકલ અને 10 નર્સિંગ/પેરા મેડિકલ કોલેજોની સ્થાપના કરીશું.


આદિવાસી વિસ્તારોમાં PHCs અને CHCsમાં 500 પ્રિ-બર્થ વેઈટિંગ રૂમ બનાવીશું, જેથી આદિવાસી સગર્ભા મહિલાઓમાં પ્રસૂતિ સમયે આવતી કોમ્પલિકેશન્સને ટાળી શકાય.

આદિવાસી વિસ્તારોમાં નવા 50 મોબાઈલ મેડિકલ હેલ્થ યુનિટ્સ જોડીશું, જે સતત ઉત્તમ સારવાર પૂરી પાડશે.

ગુજરાતના 14 આદિવાસી બહુલ જિલ્લાઓમાં એર એમ્બ્યુલન્સનો ઉપયોગ કરી શકાય તેવી વ્યવસ્થાઓનું નિર્માણ કરીશું, જેથી ઈમરજન્સી મેડિકલ સેવાઓને વધુ ઝડપી અને સક્ષમ બનાવી શકાય.

આદિવાસી બહુલ અંતરિયાળ વિસ્તારોમાં સેવા આપનાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સને સ્પેશિયલ ઈન્સેન્ટિવ આપીશું.





# આદિવાસી સંસ્કૃતિની જાળવણી અને ગૌરવ

સામાજિક, સાંસ્કૃતિક અને મનોરંજનની પ્રવૃત્તિઓના આયોજન માટે દરેક આદિવાસી તાલુકામાં અત્યાધુનિક સુવિધાયુક્ત 'ગોવિંદ ગુરૂ ભવન' બનાવીશું.

આદિવાસી ક્ષેત્રના જંગલ વિસ્તારો(જેમ કે ડાંગ, નર્મદા, વલસાડ અને તાપી)નો વિશ્વકક્ષાના વેલનેસ અને ઇકો-ટુરીઝમ સ્થળો તરીકે વિકાસ કરવા હોમ સ્ટે અને કારવાં ટુરીઝમને પ્રોત્સાહન આપીશું.

રાજ્યમાં પરંપરાગત અને આદિવાસી રમતોને પ્રોત્સાહન આપવા માટે વાર્ષિક 'ગુજરાત વનબંધુ ખેલ મહોત્સવ'નું આયોજન કરીશું.

# અગ્રેસર યુવા



## નેશનલ એજ્યુકેશન પોલિસી(NEP)થી શિક્ષણમાં ક્રાંતિ

ગુજરાતને દેશનું પહેલું રાજ્ય બનાવીશું જ્યાં 100% 'નેશનલ એજ્યુકેશન પોલિસી - 2020' લાગુ થાય જેથી દરેક બાળક શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકે.

ટોચની વૈશ્વિક શિક્ષણ સંસ્થાઓને ગુજરાતમાં તેમના કેમ્પસ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરીશું.

'યુથ એક્સચેન્જ પ્રોગ્રામ' થકી યુવાનોને ઉચ્ચ શિક્ષણ અને સ્કિલ ડેવલોપમેન્ટના અવસરો આપવા માટે ટોચની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરીશું.

શાળાના અભ્યાસક્રમમાં એ રીતે ફેરફાર કરીશું કે, જેનાથી બાળકોને ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓ જેવા કે ભારતીય મૂલ્યો, ઈતિહાસ, પરંપરા, રીત-રિવાજો, ભાષાઓ અને કળાથી માહિતગાર બનાવી શકાય તેમજ તેના પ્રત્યે ગૌરવાન્વિત કરી શકાય.

## સુગમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ

'ગુજરાત વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ' યોજના લાવીશું જેનાથી લાયકાત ધરાવતા દરેક વિદ્યાર્થીને ઝીરો વ્યાજ દરે ₹20 લાખ સુધીની લોન મળશે.

ભારતની NIRF ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટ અથવા વિશ્વમાં ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવનાર OBC/ST/SC/EWS વિદ્યાર્થીઓને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

OBC/ST/SCના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-12 ઉત્તીર્ણ થયા બાદ ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવા માટે વન ટાઈમ ઈન્સેન્ટિવ આપીશું.


STEM અને બિઝનેસ એજ્યુકેશનને પ્રોત્સાહિત કરવા દર વર્ષે OBC/ST/SC/EWS કેટેગરીના 5 લાખ યુવાનોને 'સ્વયમ્ સર્ટિફિકેટ સ્કોલરશિપ' આપીશું.

રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે દરેક તેજસ્વી વિદ્યાર્થીઓને નિ:શુલ્ક કોચિંગ આપીશું.

સરકારી માન્યતા પ્રાપ્ત રમત-ગમત સંસ્થાઓમાંથી સ્પોર્ટ્સ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓ માટે એક સ્પેશિયલ સ્કોલરશિપ પ્રોગ્રામ શરુ કરીશું.

'મધ્યાહ્ન ભોજન યોજના'નો વિસ્તાર કરીશું, જેમાં:

- SHGs દ્વારા સંચાલિત અદ્યતન સુવિધાના રસોડા શરુ કરાશે
- વિદ્યાર્થીઓના આરોગ્ય અને પોષણ માટે ભોજનમાં ફોર્ટિફાઇડ રાશન અને મિલેટ્સનો પણ સમાવેશ કરાશે
- પોષણ રક્ષકોની ટીમો બનાવીને મધ્યાહ્ન ભોજનની ગુણવત્તાની નિયમિત ચકાસણી કરાશે



## સર્વોત્તમ એજ્યુકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર

આગામી 5 વર્ષમાં ₹10,000 કરોડના બજેટ સાથે 20 હજાર શાળાઓને 'મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ'માં બદલીશું, જેમાં:

- સ્માર્ટ ક્લાસરૂમ, એન્વાર્યમેન્ટ લેબ અને કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવશે
- ભવિષ્યની સ્કિલ્સ જેવી કે રોબોટિક્સ, કોડિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરેની તાલીમ આપવામાં આવશે
- JEE/NEET/NDA/NIFT વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગાઈડન્સ અને કોચિંગ આપવામાં આવશે

વિદ્યાર્થીઓમાં આઉટ ઑફ ધ બોક્સ વિચારવાની ક્ષમતા અને ટેકનિકલ થિંકિંગ ખીલે તે માટે 5,000 શાળાઓમાં અટલ ટિંકરિંગ લેબ (Atal Tinkering Lab) બનાવીશું જેથી STEM શિક્ષણને પ્રોત્સાહન મળશે.

₹1,000 કરોડના ભંડોળ સાથે 'કેશવરામ કાશીરામ શાસ્ત્રી' હાયર એજ્યુકેશન ટ્રાન્સફોર્મેશન ફંડની રચના કરીશું જેની મદદથી નવી સરકારી કોલેજોનું નિર્માણ કરાશે અને હાલની કોલેજ-યુનિવર્સિટીઓને અધતન સુવિધાથી સજ્જ કરવામાં આવશે.

'મેન્ટોરશિપ ટાઇ-અપ મિશન' શરૂ કરીશું જેમાં IIT, IIM, IISER, NID, CEPT અને તેના જેવી અન્ય પ્રખ્યાત શિક્ષણ સંસ્થાઓ મેન્ટોર બની ગુજરાતની શિક્ષણ સંસ્થાઓને માર્ગદર્શન પૂરું પાડશે.

QS વર્લ્ડ રેન્કિંગમાં મલ્ટિડિસિપ્લિનરી એજ્યુકેશનની પ્રમુખ સંસ્થાઓ તરીકે ગુજરાતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સામેલ થાય તેવા વિઝન સાથે એક રોડમેપ બનાવીશું.

4 'ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી' (GIT) ની સ્થાપના કરીશું જે IITની સમકક્ષ હશે અને ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર્સ, ફિનટેક અને એરોસ્પેસના ક્ષેત્ર માટે ડેડિકેટેડ સેન્ટર ઑફ એક્સેલન્સ તરીકે કાર્ય કરશે.



## શિક્ષકોના કલ્યાણને સમર્પિત મજબૂત પ્રયાસ

B . E d ના અભ્યાસક્રમ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ માટે 'મેરિટ બેઝ્ડ સ્કોલરશિપ'ની શરુઆત કરીશું જેથી તેમને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાનું પ્રોત્સાહન મળશે.

શિક્ષકોને સતત સેલ્ફ ઈમ્પ્રૂવમેન્ટ અને લેટેસ્ટ ઈનોવેશન્સથી માહિતગાર થવા માટેના અવિરત અવસરો આપીશું.

## સ્કિલ સેન્ટ્રિક પ્રોફેશનલ એજ્યુકેશન

દરેક જિલ્લામાં 'કૌશલ્ય સ્કિલ યુનિવર્સિટી' સાથે સંલગ્ન રેસિડેન્શિયલ સ્કિલ હબ શરુ કરીશું જેનું વિઝન આગામી 5 વર્ષમાં 10 લાખ યુવાનોને તૈયાર કરવાનું હશે.

દરેક ITIમાં અદ્યતન સ્કિલ ટ્રેનિંગ દ્વારા યુવાનોની કોમ્યુનિકેશન અને રોજગારની સ્કિલને વિકસાવીશું.

ઉદ્યોગો સાથે જોડાણ ધરાવતા અને ઈન્ડસ્ટ્રિયલ ઈકોસિસ્ટમ પર આધારિત સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર PPP મોડેલ પર શરુ કરીશું જેથી ઉદ્યોગોને તેમની માગ અનુસારનું ટ્રેઈન્ડ અને સ્કિલ્ડ મેનપાવર મળતું રહે.



# વ્યાપક રોજગાર સર્જનનો પાયો

આગામી 5 વર્ષમાં ગુજરાતના 20 લાખ યુવાનોને રોજગારીની તકો પૂરી પાડીશું.


રાજ્ય સરકારમાં તમામ વિભાગોની ખાલી જગ્યાઓને ઝડપથી ભરીશું.

સરકારી પરીક્ષાઓને સરળતાથી ઓનલાઈન માધ્યમ દ્વારા યોજવા માટે 'નેશનલ ટેસ્ટિંગ એજન્સી'ના માર્ગદર્શન હેઠળ 'સ્ટેટ ટેસ્ટિંગ એજન્સી' બનાવીશું.

સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ના પ્રાદેશિક કેન્દ્રોના હાલના નેટવર્કને વિસ્તારીશું જેથી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને મદદ મળી શકે.

નવા વ્યવસાય-ધંધાને વિકસાવવા માટે દરેક જિલ્લામાં મોટા પ્રમાણમાં સબસિડી વાળી કો-વર્કિંગ સ્પેસની સ્થાપના કરીશું.

તમામ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જને 'મૉડેલ કેરિયર સેન્ટર્સ'માં અપગ્રેડ કરીશું જેથી રોજગાર અપાવવાની તેમની પ્રક્રિયા સરળ અને અધતન બને.



ઉદ્યોગો અને નોકરી મેળવવા ઈચ્છતા લોકોને એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડી શકાય તે માટે દર મહિને રોજગાર મેળા/એમ્પ્લોયમેન્ટ ફેરનું આયોજન કરીશું.

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં 'ગુજરાતના અગ્નિવીર' પ્રોગ્રામ લોન્ચ કરીશું જેમાં યુવાનો તૈયારી કરી શકે તેવું પ્રાથમિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીશું જેનાથી યુવાનોને અગ્નિપથ સ્કિમમાં ભાગ લેવા પ્રોત્સાહન મળશે અને દેશ સેવામાં ગુજરાતના યુવાનો જોડાશે.

'સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ'ની કામગીરીને વ્યાપક બનાવીશું જેમાં યુવાનોના સર્વાંગી વિકાસના લક્ષ્યને કેન્દ્રમાં રાખી તેમને કેરિયરનું માર્ગદર્શન તેમજ સરકારી પરીક્ષાઓમાં સામેલ થનારા યુવાનો માટે પરીક્ષા સમયની મુસાફરીની વ્યવસ્થાને સરળ બનાવીશું.

# ગુજરાતને ભારતનું સ્ટાર્ટઅપ હબ બનાવીશું

ગુજરાતને ભારતની સૌથી વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવીશું, જેમાં:

- રાજ્યના તમામ ઈન્ક્યુબેશન સેન્ટર્સને અપગ્રેડ કરીશું જેથી વધુને વધુ યુવાનોને સ્ટાર્ટઅપ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરી શકાય

- હેલ્થકેર, કૃષિ, એજ્યુકેશન, રિટેલ, ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ, મેન્યુફેક્ચરિંગ અને ફિનટેક જેવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપને ખાસ પ્રોત્સાહન આપીશું કે જેથી આ ક્ષેત્રમાં ગુજરાતના પ્રગતિના માપદંડોને વધુ મજબૂત આધાર મળે




# રમત-ગમત ક્ષેત્રે દેશનું નેતૃત્વ

વર્ષ 2036માં ઑલિમ્પિક ગેમ્સની યજમાની કરવાના હેતુ સાથે 'ગુજરાત ઑલિમ્પિક મિશન' ચાલું કરીશું અને વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરીશું.

'ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-27'નો સુનિશ્ચિત અમલ થાય તે માટે:

- 'સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ'નો ઝડપી વિકાસ
- ટ્રેનર ટુ સ્પોર્ટ્સ પર્સન રેશિયો સુધારવાના લક્ષ્ય સાથે દરેક તાલુકા અને જિલ્લામાં 'સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ'ની સ્થાપના
- વર્ષ 2024 સુધીમાં 8 જિલ્લામાં સેન્ટર ઑફ એક્સેલેન્સની સ્થાપનાને ઝડપી બનાવીશું. વર્ષ 2027 સુધીમાં વધુ 12 જિલ્લાઓમાં તેનો વિસ્તાર કરીશું
- 'એથ્લીટ વેલફેર પ્રોગ્રામ' અંતર્ગત અપ સ્કિલ અને રી-સ્કિલ પ્રકિયા થકી જીવન ઉત્કર્ષનું કાર્ય કરવામાં આવશે
- IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરીશું જેથી એકાઉન્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી અને ટાઈમ બાઉન્ડ ગવર્નન્સ સરળ બનશે





10 હજાર સરકારી શાળાઓમાં રમત-ગમતની લેટેસ્ટ સુવિધાઓ વિકસાવવા માટે ₹500 કરોડના 'જામ શ્રી રણજીતસિંહજી ખેલ કોષ'નું નિર્માણ કરીશું.

રાજ્યની ખેલપ્રતિભાઓને નિખારવા 'સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી'ના વિઝનનો વ્યાપ વધારીને દરેક જિલ્લામાં 'સ્વર્ણિમ સ્પોર્ટ્સ એકેડમી'નું નિર્માણ કરીશું.

'શક્તિદૂત યોજના' હેઠળ લાભો વધારવા:

- ઉપલી વય મર્યાદા 20 વર્ષથી વધારીને 25 વર્ષ કરીશું
- નાણાકીય સહાયને વાર્ષિક ₹25 લાખથી વધારીને ₹30 લાખ કરીશું

'ખેલાડી પોર્ટલ' શરૂ કરીશું, જેમાં રાજ્યમાં નોંધાયેલા તમામ એથ્લીટ્સનો ડેટા હશે અને દરેકની એક્ટિવ પ્રોગ્રેસનું ટ્રેકિંગ શક્ય બનશે.

# અગ્રેસર આરોગ્ય



## દરેક માટે એફોર્ડેબલ હેલ્થકેર

'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (આયુષ્માન ભારત) હેઠળ નિ:શુલ્ક મેડિકલ ટ્રીટમેન્ટ સુનિશ્ચિત કરવા કુટુંબ દીઠ વાર્ષિક હેલ્થ કવરેજને ₹5 લાખથી વધારી ₹10 લાખ કરીશું.

'પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર'નું નેટવર્ક 500 થી વધારી 1,000 સુધી કરીશું જેથી વધુને વધુ લોકો રાહતદરે શ્રેષ્ઠ ગુણવત્તાની દવાઓ સરળતાથી મેળવી શકે.

EWS પરિવારોને તમામ સરકારી આરોગ્ય સંસ્થા અને એમ્પેનલ્ડ લેબોરેટરીમાં નિ:શુલ્ક નિદાન ઉપલબ્ધ થાય તે માટે ₹110 કરોડના ભંડોળ સાથે 'મુખ્યમંત્રી ફ્રી ડાયગ્નોસ્ટિક સ્કીમ' શરૂ કરીશું.

## વર્લ્ડ ક્લાસ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ₹10,000 કરોડના ભંડોળથી 'મહારાજા શ્રી ભગવતસિંહજી સ્વાસ્થ્ય કોષ'નું નિર્માણ કરીશું, જે અંતર્ગત:

- AIIMS સ્તરની 2 વર્લ્ડ ક્લાસ સંસ્થાઓની સ્થાપના કરીશું
- કાર્ડિયોલોજી, ન્યુરોલોજી અને ઓન્કોલોજીના સેન્ટર્સ ઑફ એક્સેલન્સ તરીકે 3 નવી વર્લ્ડ ક્લાસ 'સિવિલ મેડિસિટી' સ્થાપીશું કે જેમાં ટેલી સર્જરી, એર એમ્બ્યુલન્સ જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે

- આરોગ્ય સુવિધાઓના વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન અને નવી સુવિધાઓનું નિર્માણ કરીશું (CHCs, PHCs અને હોસ્પિટલનું નિર્માણ)

- 'ગુજરાત કેન્સર કેર પ્રોગ્રામ' લોન્ચ કરીશું જેમાં દરેક જિલ્લામાં માળખાગત રીતે કેન્સર કેર સેન્ટર્સ સ્થાપીશું

દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ અને તેની સાથે સંલગ્ન મલ્ટિ સ્પેશિયાલિટી સરકારી હોસ્પિટલ હોય તે સુનિશ્ચિત કરીશું.



# માનવ સંસાધનોનો વિકાસ

રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપીશું.

મેડિકલ સીટોની ક્ષમતામાં 30%નો વધારો કરીશું.

'પોલીસ રિક્રૂટમેન્ટ બોર્ડ'ની જેમ 'હેલ્થ રિક્રૂટમેન્ટ બોર્ડ'ની રચના કરીશું, જે ડોક્ટર અને નર્સ જેવા મેડિકલ સ્ટાફની ભરતી કરશે.

આરોગ્ય ક્ષેત્રે કામ કરતાં મધ્ય-સ્તરના (Mid-Level) સેવા પ્રદાતાઓ જેમ કે નર્સ પ્રેક્ટિશનર્સ અને જાહેર આરોગ્ય કર્મીઓના કૌશલ્યવર્ધન પર ખાસ ધ્યાન આપીશું.

નાગરિકોને ગુણવત્તાયુક્ત માનસિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના લક્ષ્ય સાથે ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટીને મજબૂત કરીશું.



## ફ્યુચરિસ્ટિક હેલ્થકેર સર્વિસ

લોકોને આંગળીના ટેરવે મેડિકલ સેવાઓ મળતી થાય તે માટે ટેલી કન્સલ્ટેશન અને ટેલી થેરાપી ઉપલબ્ધ કરાવીશું, જેમાં:

- 1,000 'ટેલી ડેસ્ક'ની સ્થાપના કરીશું જે પ્રાથમિક નિદાન અને પ્રિસ્ક્રિપ્શનની સુવિધા આપશે
- ગ્રામીણ વિસ્તારોમાં ઘરઆંગણે દવાઓ મળતી થાય તેની ખાતરી કરીશું

ગુજરાતને હેલ્થ સ્ટેક લોન્ચ કરનાર પ્રથમ રાજ્ય બનાવીશું. નાગરિકો માટે યુનિક હેલ્થ ID બનાવાશે અને એપોઇન્ટમેન્ટ બુકિંગ, મેડિકલ હિસ્ટ્રી તેમજ ડાયગ્નોસ્ટિક રિપોર્ટ્સ માટે વન-સ્ટોપ સિસ્ટમ ઊભી કરાશે.

અકસ્માત દરમિયાન સૌથી પહેલા રિસ્પોન્ડ કરે તેવા લોકોની એક વોલન્ટિયર ફોર્સ બનાવીશું કે જે કટોકટીના સમયમાં તાત્કાલિક મેડિકલ સેવાઓ પૂરી પાડશે.

## છેવાડાના માણસને પણ શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાનું વચન

ગ્રામીણ, અંતરિયાળ અને આદિવાસી ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત મેડિકલ સેવાઓ અને દવાઓ ઘરઆંગણે પહોંચાડવા માટે દરેક જિલ્લામાં વધારાની 5 'એડવાન્સ્ડ લાઈફ સેવિંગ મોબાઈલ મેડિકલ યુનિટ'ની સ્થાપના કરીશું.

મુખ્ય મેડિકલ ક્લસ્ટર્સના વિસ્તારોને એર એમ્બ્યુલન્સના મજબૂત નેટવર્ક સાથે જોડીશું જેથી મેડિકલ ઈમરજન્સીમાં ટ્રાવેલિંગ ટાઈમ ઘટાડી શકાય.

લોકોની પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવા 'સુપોષિત ગુજરાત સશક્ત ગુજરાત મિશન' શરુ કરીશું.

વર્ષ 2025 સુધી ગુજરાતને TB મુક્ત રાજ્ય બનાવવાનું લક્ષ્ય, TBના દર્દીઓને ₹1,000 પ્રતિમાસ સહાય આપીશું.

₹185 કરોડના ખર્ચે જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોમાં પેલેટિવ બીમારી જેવી કે ડિમેન્શિયા, ન્યુરોલોજીકલ રોગો અને જન્મજાત ખોડખાપણથી પીડાતા દર્દીઓની સારવાર અને પુનર્વસન માટે ખાસ યુનિટ્સ બનાવવામાં આવશે.

# પ્રિવેન્ટિવ હેલ્થકેરને પ્રોત્સાહન

સ્વસ્થ ગુજરાત બનાવવાના હેતુથી પ્રિવેન્ટિવ હેલ્થકેર ઈકોસિસ્ટમ (જાહેર યોગ કેન્દ્રો, હર્બલ ગાર્ડન્સ વગેરે)ના વિકાસ માટે ‘ધન્વંતરિ પ્રિવેન્ટિવ હેલ્થકેર ફંડ’ની રચના કરીશું.

ગુજરાતને આયુષ હબ બનાવવાના લક્ષ્ય સાથે 4 અદ્યતન 'ટ્રેડિશનલ મેડિસિન ઈન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરીશું જેમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, જામનગર સેન્ટ્રલ નોડ તરીકે કાર્ય કરશે, જેમાં:

- આયુર્વેદિક દવાઓના ઉત્પાદનને પ્રોત્સાહન
- આયુર્વેદ વિજ્ઞાન સ્ટાર્ટઅપને પ્રોત્સાહન
- તમામ મોટા શહેરોમાં 'આયુર્વેદ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર'ની સ્થાપના

પ્રિવેન્ટિવ બીમારીઓ જેવી કે TB, ઓરી અને હેપેટાઈટિસ-B થી રક્ષણ માટે 100% રસીકરણને સુનિશ્ચિત કરીશું.

જિનેટિક રોગોના ડાયગ્નોસીસ, પ્રિવેન્શન અને ટ્રીટમેન્ટ માટે અમદાવાદમાં 'સેન્ટર ફોર જિનેટિક્સ એન્ડ હેલ્થ'ની સ્થાપના કરીશું જે પ્રિનેટલ જિનેટિક સ્ક્રીનિંગ(Prenatal Genetic Screening)નું હબ પણ બનશે.



# અગ્રેસર સમરસ વિકાસ



## ગરીબોનું કલ્યાણ અને વિકાસ

'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના 100% અમલીકરણ દ્વારા ગુજરાતના દરેક નાગરિકને પોતાનું પાકું ઘર મળે તેવું લક્ષ્ય છે.

સમગ્ર ગુજરાતમાં 100 'અન્નપૂર્ણા કેન્ટીન' શરુ કરીશું, જ્યાં દિવસમાં 3 વાર માત્ર ₹5 માં ભોજન મળશે.

'ફેમિલી કાર્ડ યોજના' લાવીશું જેથી દરેક પરિવાર સરકારની તમામ કલ્યાણ યોજનાઓનો લાભ મેળવી શકે.

ગ્રામ્ય સ્તરની વિજિલન્સ કમિટીઓની મદદથી PDS સિસ્ટમમાં સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરીશું.

PDS સિસ્ટમ દ્વારા લાભાર્થી પરિવારોને ઉત્તરાયણ, હોળી, જન્માષ્ટમી અને દિવાળીના અવસર પર વર્ષમાં ચાર વખત રાહત દરે 1 લિટર ખાદ્ય તેલ આપીશું.

PDS સિસ્ટમનો લાભ લેતા દરેક પરિવારને 1 કિલો ચણાનું રાહતદરે વિતરણ કરીશું.

EWS વેલફેર બોર્ડની રચના કરીશું જે શિક્ષણ અને ભરતીમાં EWS અનામતના નિયમપાલનની દેખરેખ કરશે અને EWS વર્ગોના કલ્યાણ માટે કામ કરશે.

SC/ST વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક સ્કોલરશિપની રકમ ડબલ કરીશું.

પછાત વર્ગોના તેજસ્વી વિદ્યાર્થીઓને સારી રહેણાંક સુવિધા મળે તે હેતુથી 50 નવી સમરસ હોસ્ટેલ બાંધીશું.

100ની ક્ષમતાવાળું એક એવા 50 રેનબસેરા બનાવીશું જેથી શહેરી બેઘર લોકોને આશ્રય મળી શકે.

# પછાત વર્ગોનું કલ્યાણ અને સમૃદ્ધિ

ભારતની NIRF ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટ અથવા વિશ્વમાં ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવનાર O B C વિદ્યાર્થીઓને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

O B C જાતિ પ્રમાણપત્રનું વિતરણ આ પગલાંઓથી સુનિશ્ચિત કરીશું:

- બ્લોક લેવલે યોગ્ય મેપિંગથી છેક છેવાડાના વ્યક્તિ સુધી જાતિનું પ્રમાણપત્ર પહોંચાડીશું
- વિદ્યાર્થીને ધોરણ- 8 પાસ કર્યા બાદ શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે જ જાતિનું પ્રમાણપત્ર મળી જશે

રબારી, પ્રજાપતિ અને સથવારા સમુદાયોના સર્વાંગી વિકાસ માટે વેલફેર બોર્ડની રચના કરીશું.

સ્ટેટ લેવલ વેલફોર બોર્ડ અંતર્ગત 'વિશ્વકર્મા નિગમ'ની સ્થાપના કરીશું જેમાં સુથાર, લોહાર, કડિયા, કંસારા અને પંચાલ સમુદાયોના વિકાસ અને સશક્તિકરણ પર વધુ ફોકસ કરી શકાય.

'ગુજરાત ગોપાલક વિકાસ નિગમ'ના બજેટને ડબલ કરીશું અને આહિર સમાજને પણ તેમાં સામેલ કરીશું.



ગાંધીનગરમાં 'સમરસ સેક્ટર' બનાવીશું અને વિવિધ જ્ઞાતિઓ અને સમુદાયોને જમીન આપીશું જેમાં તેઓ મલ્ટિ પર્પઝ કોમ્યુનિટી હોલ, હોસ્ટેલ અને પરીક્ષાની તૈયારી માટેના સેન્ટર બાંધી શકે.

'સ્વામી વિવેકાનંદ સ્ટાઈપેન્ડ' યોજના હેઠળ વ્યવસાયિક કોર્સ (I T I) માં O B C વિદ્યાર્થીઓનું માસિક સ્ટાઈપેન્ડ બમણું (₹400થી વધારી ₹800) કરીશું.

## વિચરતી વિમુક્ત જાતિનું કલ્યાણ અને સમૃદ્ધિ

ભારતની NIRF ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટ અથવા વિશ્વમાં ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવનાર દરેક વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

વિચરતી વિમુક્ત જાતિના દરેક પરિવારોના માથા પર છત હોય તેવું 100% સુનિશ્ચિત કરીશું અને તે માટે જરુર પડે તો તેમને રહેણાંક પ્લોટ પણ આપીશું.

વિચરતી વિમુક્ત જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રનું વિતરણ સરળ કરવા માટે:

- બ્લોક લેવલે યોગ્ય મેપિંગથી છેક છેવાડાના વિચરતી વિમુક્ત જાતિના વ્યક્તિ સુધી જાતિનું પ્રમાણપત્ર પહોંચાડીશું
- વિદ્યાર્થીને ધોરણ- 8 પાસ કર્યા બાદ શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે જ જાતિનું પ્રમાણપત્ર મળી જશે

'વિચરતી વિમુક્ત જાતિ ઉન્નયન' યોજના હેઠળ જરુરિયાતમંદોને સરકારી જમીન આપીને તેના પર વ્યવસાય શરુ કરવામાં મદદ કરીશું.

પરંપરાગત કળા અને રમત-ગમતમાં પારંગત કરવા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સ્પેશિયલ સ્કોલરશિપ આપીશું.



## અનુસૂચિત જાતિનું કલ્યાણ અને સમૃદ્ધિ

ભારતની NIRF ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટ અથવા વિશ્વમાં ટોપ રેન્કિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવનાર દરેક SC વિદ્યાર્થીઓને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું.

અનુસૂચિત જાતિઓને જાતિ પ્રમાણપત્રોનું વિતરણ કરવા માટે:

- બ્લોક લેવલે યોગ્ય મેપિંગથી છેક છેવાડાના વ્યક્તિ સુધી જાતિનું પ્રમાણપત્ર પહોંચાડીશું
- વિદ્યાર્થીને ધોરણ- 8 પાસ કર્યા બાદ શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે જ જાતિનું પ્રમાણપત્ર મળી જશે

'સ્વામી વિવેકાનંદ સ્ટાઈપેન્ડ યોજના' હેઠળ વ્યવસાયિક કોર્સમાં (ITI) SC વિદ્યાર્થીઓનું માસિક સ્ટાઈપેન્ડ બમણું (₹400થી વધારી ₹800) કરીશું.

SC સમુદાયના પ્રભુત્વવાળા જિલ્લાઓમાં મલ્ટિ પર્પઝ કોમ્યુનિટી હોલ ધરાવતાં 'ડો. આંબેડકર ભવન'નું નિર્માણ કરવામાં આવશે.

## શ્રમિક વર્ગોનું કલ્યાણ અને સમૃદ્ધિ

શ્રમિકો માટે 'શ્રમિક ક્રેડિટ કાર્ડ' લોન્ચ કરીશું જેથી ₹2 લાખ સુધીની કોલેટરલ ફ્રી લોન મળી શકશે.

આકસ્મિક મોતની ઘટનામાં વળતરની રકમ ₹3 લાખથી વધારીને ₹5 લાખ અને કાયમી અક્ષમતાના કેસમાં સહાય ₹1 લાખથી વધારીને ₹ 2 લાખ કરીશું.



ટેક્સી અને રિક્ષાચાલકોના કલ્યાણ માટે ₹10 કરોડના ફંડ સાથે 'ટેક્સી અને ઓટો-રિક્ષા કલ્યાણ બોર્ડ'ની સ્થાપના કરીશું.

રાજ્યમાં આવશ્યક સુવિધાઓથી સજ્જ 500 ટેક્સી અને ઓટો સ્ટેન્ડ બનાવીશું.

'પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના' હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સના વ્યવસાયને વિસ્તારવા માટે ફૂડ ટેક પ્લેટફોર્મ્સ સાથે કોલાબોરેટ કરીશું.

## દિવ્યાંગજનોનું કલ્યાણ અને સમૃદ્ધિ

સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને દિવ્યાંગો માટે માળખાકીય રીતે સુલભ બનાવીને ‘સુગમ્ય ભારત અભિયાન’ હેઠળ તમામ લક્ષ્યો હાંસલ કરનાર પ્રથમ રાજ્ય બનશે ગુજરાત.

અધતન ઈક્વિપમેન્ટથી સજ્જ દેશની સૌથી મોટી 'નેશનલ પેરા સ્પોર્ટ્સ એકેડમી' બનાવીશું.

અનાથ, ત્યજી દેવાયેલા, નિરાધાર, દિવ્યાંગ કે જે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારોમાંથી આવે છે તેમને રહેઠાણ અને અન્ય સહાય આપવા માટે દરેક જિલ્લામાં સહયોગ સેન્ટર બનાવીશું.

## વડીલોની કાળજી અને કલ્યાણ

'નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના' હેઠળ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી નાણાકીય સહાયને ડબલ કરીશું.

₹160 કરોડના ફંડથી રાજ્યની દરેક જિલ્લા હોસ્પિટલમાં અલગ 'જેરિયાટ્રિક(Geriatric) સ્પેશિયલાઇઝેશન યુનિટ' બનાવીશું.



# શરણાર્થીઓનું મુખ્યધારામાં જોડાણ

ગુજરાતમાં C A A હેઠળ નાગરિકતા મેળવનારા શરણાર્થીઓના કલ્યાણ માટે 'મુખ્યમંત્રી શરણાર્થી યોજના' શરૂ કરીશું, જે હેઠળ:

- નાગરિકતા પ્રાપ્ત કર્યા પછી 5 વર્ષ સુધી દરેક શરણાર્થી પરિવારને દર વર્ષે ₹10,000ની DBT મારફતે સહાય
- આધાર કાર્ડ, રાશન કાર્ડ અને મતદાર ID કાર્ડ જેવા દસ્તાવેજો મેળવવા માટે સિંગલ-વિન્ડો ક્લિયરન્સ
- પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે સબસિડીવાળી લોન
- શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ



# અગ્રેસર સંસ્કૃતિ



## ગુજરાતના સાંસ્કૃતિક વારસાની ઉજવણી

₹2,500 કરોડ ફાળવીને ગુજરાતના સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક સ્તરે ખ્યાતનામ બનાવવા માટે:

ભારતની પ્રથમ મ્યુઝિયમ સર્કિટ બનાવીશું જેમાં,

- 'મેરિટાઈમ મ્યુઝિયમ' - લોથલ
- 'નેશનલ ટ્રાઈબલ ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમ' - રાજપીપળા
- ભારતનું સૌથી મોટું 'મ્યુઝિયમ ઑફ ઈન્ડિયન હિસ્ટ્રી એન્ડ કલ્ચર' - અમદાવાદ
- 'નેશનલ મ્યુઝિયમ ઑફ યુનિટી' - કેવડિયા

ગુજરાતી થિયેટર, નૃત્ય, સંગીત, લોકકળા અને સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં 4 'ઉમાશંકર જોશી સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ'ની સ્થાપના કરીશું.

સમગ્ર દેશમાં તેમજ પસંદગીનાં આંતરરાષ્ટ્રીય સ્થળોએ 'સરદાર ભવન'નું નિર્માણ કરીશું.

‘ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી’ અને ‘ગુજરાત રાજ્ય લલિત કળા અકાદમી’ના ભંડોળમાં વધારો કરીશું જેથી ગુજરાતી કળા, નૃત્ય અને સંગીતના વિવિધ સ્વરૂપોના પ્રચારને પ્રોત્સાહન મળશે.

ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાના પ્રતીક સમાન તહેવાર અને મેળાઓની ઓળખને વિશ્વફલક પર પહોંચાડવા માટે વાર્ષિક કેલેન્ડર બનાવીશું જેમ કે: મોઢેરા ડાન્સ ફેસ્ટિવલ (જાન્યુઆરી), કાઈટ ફેસ્ટિવલ (જાન્યુઆરી), ડાંગ દરબાર (માર્ચ-એપ્રિલ), માધવપુર ઘેડ મેળો (એપ્રિલ), સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ (જુલાઈ-ઓગસ્ટ), તરણેતરનો મેળો (ઓગસ્ટ-સપ્ટેમ્બર), જન્માષ્ટમી (સપ્ટેમ્બર), શામળાજીનો મેળો (નવેમ્બર) અને નવરાત્રી ઉત્સવ (નવેમ્બર).

1 મે ગુજરાત સ્થાપના દિવસના ઉત્સવને 3 દિવસ લાંબા 'ગુજરાત ગૌરવ મહોત્સવ' તરીકે ઊજવવાનું શરુ કરીશું.

અમદાવાદમાં 'ફિલ્મ સિટી' બનાવીશું, જેમાં ફિલ્મ-ટેલિવિઝન સ્ટૂડિયો, ફિલ્મ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, પોસ્ટ પ્રોડક્શન ફેસિલિટી સહિતની સેવાઓ ઉપલબ્ધ હશે.

'રણછોડભાઈ દવે ગુજરાતી થિયેટર ફેસ્ટિવલ' શરૂ કરીશું, જે અંતર્ગત ગુજરાતી નાટકોના શો દેશ-પરદેશમાં યોજાશે.

ભારત અને વિદેશનાં વિવિધ શહેરોમાં 'ગુજરાતી ફૂડ ફેસ્ટિવલ'નું આયોજન કરીને ગુજરાતી ભોજનની વિવિધતા અને સમૃદ્ધિને વિશ્વફલકે નામના અપાવીશું.

'મુખ્યમંત્રી યુવા (YUVA) સ્કીમ' લોન્ચ કરીશું, જેમાં ઊભરતા લેખકોને માર્ગદર્શન, તાલીમ અને મેન્ટોરશિપ મળી રહેશે. ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા વાંચન, લેખન અને પુસ્તકોને પ્રોત્સાહન આપવા માટે ખાસ તાલીમ કાર્યક્રમો પણ યોજાશે.

ગુજરાતમાં નામશેષ થઈ રહેલી કળા 'વ્રજ મુષ્ઠિ'ને પુનર્જીવિત કરવા માટે અખાડાઓને પ્રોત્સાહન આપવામાં આવશે જેથી આ કળા લોકો સુધી પહોંચી શકે.



## સનાતન વારસાનું સંવર્ધન

'દેવભૂમિ દ્વારકા કોરિડોર' બનાવીશું જેને પશ્ચિમ ભારતના સૌથી મોટા આધ્યાત્મિક કેન્દ્ર તરીકે વિકસાવીશું, જેમા:

- ભગવાન શ્રી કૃષ્ણની વિશ્વની સૌથી મોટી મૂર્તિ
- 3D ઈમર્સિવ (immersive) શ્રીમદ્ ભગવદ્ ગીતા એક્સપિરિયન્સ ઝોન
- ખોવાયેલ દ્વારકા નગરીને જોવા માટે સ્પેશિયલ ગેલેરી

સોમનાથ, અંબાજી, પાવાગઢ મોડેલ મુજબ મંદિરોનાં જીર્ણોદ્ધાર, વિસ્તરણ અને વિકાસ માટે ₹1,000 કરોડની ફાળવણી કરીશું, જેમાં:

- સિદ્ધપુર રૂદ્ર મહાલય મંદિર (પાટણ), ડાકોર મંદિર (ખેડા), બેચરાજી મંદિર (મહેસાણા), માતાનો મઢ મંદિર (લખપત, કચ્છ), કોટાઈ સૂર્ય મંદિર (કચ્છ), સપ્તેશ્વર મહાદેવ મંદિર (સાબરકાંઠા), મેલડી માતા મંદિર (વિરમગામ), નવા સૂરજદેવલ મંદિર (સુરેન્દ્રનગર), ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર (ધોળકા), હનુમાનજી મંદિર (આણંદ), કામનાથ મહાદેવ મંદિર (અમરેલી), ચામુંડા માતાનું મંદિર (ચોટીલા), શ્રીબાઈ માતાજી મંદિર (જૂનાગઢ), સિકોતર માતાનું મંદિર (જાફરાબાદ), નદીનાથ મહાદેવ મંદિર (મહિસાગર), રવેચી માતાજી મંદિર (રવેચી).

તર્પણ ભૂમિ - ચાણોદ, સિદ્ધપુર અને પ્રાચીમાં શ્રદ્ધાળુઓ માટેની સુવિધાઓમાં વધારો કરતી માળખાકીય સુવિધાઓનું નિર્માણ અને બ્યુટિફિકેશન કરીશું.

સિહોર (ભાવનગર)ને 'છોટા કાશી' તરીકે વિકસાવાશે સાથે સાથે 9 નાથ અને સ્વયંભુ ગૌમતેમેશ્વર મંદિરોના વિકાસને પણ પ્રોત્સાહન આપીશું.

અંબાજી અને દ્વારકાના વિકાસને મોડેલ બનાવી પાલિતાણાને જૈન અધ્યાત્મના સૌથી મોટા કેન્દ્રબિંદુ તરીકે વિકસાવવા માસ્ટર પ્લાન બનાવીશું.




# સાંસ્કૃતિક નાયકોનું સન્માન

મહારાજ સિદ્ધરાજ જયસિંહ, વીર હમીરજી, છત્રપતિ શિવાજી મહારાજ, ગાંધીજી, સરદાર પટેલ, રવિશંકર મહારાજ, વિઠ્ઠલભાઈ પટેલ, મહારાજ સયાજીરાવ ગાયકવાડ જેવી ઐતિહાસિક વિભૂતિઓ અને દાંડી સત્યાગ્રહ જેવી મહત્વની ઘટનાઓને નાટ્ય અને સંગીતના માધ્યમથી મંચન દ્વારા રજૂ કરી તેમનું યશગાન કરતી શૃંખલા શરુ કરીશું.

ગોવિંદ ગુરુ, સંત સદારામ બાપુ, વીર દેદાજી બારડ અને મણિભાઈ દેસાઈ જેવા સામાજિક સુધારકો, ઐતિહાસિક પાત્રો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને સન્માન આપવા અને સ્મૃતિમાં રાખવા માટે તેમની પ્રતિમાઓ બનાવીશું.

ભક્ત કવિ નરસિંહ મહેતાને સ્મરણાંજલિ સ્વરૂપ જૂનાગઢ શહેરના તળાવના વિકાસનું કામ ઝડપથી પૂર્ણ કરીશું.



# કલાકારો અને કારિગરોને પ્રોત્સાહન

દર વર્ષે 'ગૌરવ પુરસ્કાર સમારોહ' દ્વારા 100 ગુજરાતી કલાકારોને મ્યૂઝિક, ડાન્સ, નાટક અને લોકકળાનાં ક્ષેત્રોમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ ₹50,000ના રોકડ પુરસ્કારથી સન્માનિત કરીશું.

હસ્તકળાને પ્રોત્સાહન આપવા અમદાવાદ વસ્ત્રાપુર હાટને મોડેલ બનાવી દરેક જિલ્લામાં 'ક્રાફ્ટ હાટ' બનાવીશું.

પરંપરાગત કારીગરોને ઉદ્યોગ સાહિસકો તરીકે વિકસાવવા માટે એક સર્વગ્રાહી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાના હેતુથી 'ક્રાફ્ટ વિલેજ કોમ્પ્લેક્ષ' બનાવીશું જેમાં એક્સપિરિયન્સ ઝોન, પ્રદર્શનની વ્યવસ્થા અને વેપાર કેન્દ્ર જેવી સુવિધાઓ હશે. આ અંતર્ગત:

- અજરખપુરમાં (બ્લોક પ્રિન્ટિંગ)
- નિરોનામાં (રોગન પેઇન્ટિંગ)
- હોડકામાં (પરંપરાગત હસ્તકળા અને ભરતકામ)
- ખાવડામાં (માટીના વાસણો)
- ધોરડોમાં (સાંકળ-સ્ટીચ વર્ક)
- સુમરાસરમાં (સૂફ ભરતકામ)
- લોરિયામાં (એમ્બ્રોઇડરીવાળા ફૂટવેર)
- નખત્રાણામાં (બાંધણી કામ)
- પધ્ધરમાં (આહિર ભરતકામ)
- અંજારમાં (ધાતુની હસ્તકલા)



# થીમ આધારિત ટૂરિઝમને પ્રોત્સાહન

'ગુજરાત હેરિટેજ ટૂરિઝમ પોલિસી 2020-25' હેઠળ ગુજરાતના વારસાને વધુ પ્રોત્સાહન આપીશું. ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક ઈતિહાસને દર્શાવવા માટે 'રોયલ હેરિટેજ ટૂરિઝમ સર્કિટ' હેઠળ જૂના રજવાડાંઓ સાથે સંકળાયેલાં ઐતિહાસિક સ્મારકો, કિલ્લાઓ અને મોન્યુમેન્ટને જોડવામાં આવશે.

બીચ ટૂરિઝમને પ્રોત્સાહિત કરીશું, જેમાં રાજ્યની ઓળખ સમાન દરિયાકિનારાનું બ્યૂટિફિકેશન કરવામાં આવશે. માંડવી, દ્વારકા, સોમનાથ, તિથલ, પોરબંદર બીચને પણ શિવરાજપુર બીચની જેમ 'બ્લૂ ફ્લેગ' દરજ્જો અપાવવાનો પ્રયાસ કરીશું.

ગુજરાતમાં ફૂડ ટૂરિઝમને પ્રોત્સાહન આપવા તમામ મહાનગરપાલિકામાં દર રવિવારે 'ફૂડ વૉક'નું આયોજન કરીશું.


'મેડિકલ ટૂરિઝમ પોલિસી' લોન્ચ કરીશું જેનાથી મેડિકલ વેલ્યૂ ટ્રાવેલને પ્રોત્સાહન આપીશું.

ગુજરાતને વેલનેસ ટૂરિઝમના કેન્દ્ર તરીકે પ્રોત્સાહિત કરવા જામનગર, કેવડિયા અને ધરોઈમાં આયુર્વેદ પાર્ક, યોગા - વેલનેસ રિટ્રીટ્સ અને નેચરોપથી કેન્દ્રો શરૂ કરીશું.

સ્ટેચ્યૂ ઑફ યુનિટી, સુરત, વડોદરા, રાજકોટ અને કચ્છમાં 5 વર્લ્ડ-ક્લાસ લોટસ કન્વેન્શન સેન્ટરનું નિર્માણ કરીને MICE પ્રવાસનને પ્રોત્સાહન આપીશું.

તળાવ, નદી અને ધોધ નજીકના 50 સ્થળોને ઈકોટૂરિઝમ સાઈટ તરીકે ડેવલોપ કરીશું.

ગુજરાતના સાપુતારા, વિલ્સન હિલ, ડોન અને ગિરનાર જેવા હિલ સ્ટેશનને વર્લ્ડ ક્લાસ એડવેન્ચર ટૂરિઝમ સાઈટ તરીકે વિકસાવીશું.



# ગુજરાત ટૂરિઝમને પ્રોત્સાહન આપવું


₹100 કરોડના બજેટ સાથે ગુજરાત ટૂરિઝમ માટે 'ગ્લોબલ માર્કેટિંગ કેમ્પેન' લોન્ચ કરીશું.

ટૂરિઝમ, ટ્રાન્સપોર્ટ, ટ્રાવેલ અને હેરિટેજ અભ્યાસ માટે 'ગરવી ગુજરાત ટૂરિઝમ યુનિવર્સિટી' બનાવીશું.

'ગુજરાત ટૂરિઝમ સ્કિલ ડેવલોપમેન્ટ મિશન'ની શરૂઆત કરીશું, જે અંતર્ગત આ મિશન દ્વારા ટૂરિસ્ટ ગાઈડ, ધાર્મિક ગાઈડ, મહિલા ગાઈડ અને કળા-કારીગરોને ખાસ તાલીમ આપવામાં આવશે.







# Notes

# Notes

Scan this QR code to Download Manifesto

# ભારતીય જનતા પાર્ટી

# ગુજરાત



કમળનું બટન દબાવો ભાજપને વિજયી બનાવો